

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 291
Dt.: 27-08-2025, Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### આવક ૩૫ ટકા ઘટવાની ભીતિ: FIEO

## અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી ભારતીય નિકાસકારો ચિંતિત

### ટેક્સટાઈલ, ચામડું, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ૫૦ ટકા ટેરિફ લાગુ થવાનો છે જેના લીધે નિકાસકારોને મોટાપાયે નુકસાન તેમજ રોજગારીમાં કાપ મૂકાવાની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ભારતના નિકાસકારો અમેરિકા દ્વારા આજે ૨૭ ઓગસ્ટથી લાગુ થનારા ૨૫ ટકા ટેરિફના કારણે ચિંતિત છે. ટેક્સટાઈલ, ચામડું, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ૫૦ ટકા ટેરિફ લાગુ થવાનો છે. જેના લીધે નિકાસકારોને મોટાપાયે નુકસાન તેમજ રોજગારીમાં કાપ મૂકાવાની ભીતિ વ્યક્ત થઈ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO)એ અમેરિકાના ટેરિફ વૃદ્ધિને આઘાતજનક ગણાવ્યો છે. FIEO ના રિપોર્ટ અનુસાર, ટેરિફના કારણે ભારતની ૪૭-૪૮ અબજ ડોલરની અમેરિકામાંથી થતી નિકાસ આવકમાં ૩૦-૩૫ ટકાનો ઘટાડો થવાની ભીતિ વ્યક્ત કરી છે. જેના કારણે તેઓ વિયેતનામ, બાંગ્લાદેશ અને ચીનના હરીફો સામે બિનસ્પર્ધાત્મક રહેશે. FIEO ના પ્રમુખ એસ સી રાલ્હને જણાવ્યું હતું કે તિરુપુર, નોઈડા અને સુરત જેવા કાપડ કેન્દ્રોમાં ઉત્પાદન પહેલાંથી જ ઠપ થઈ ગયા છે, જ્યારે મરીનના નિકાસકારો ૪૦% વેચાણ માટે યુએસ પર આધાર રાખે છે, જેને નુકસાન થશે. આ સિવાય ચામડું, સિરામિક્સ, કેમિકલ, હસ્તકલા અને કાર્પેટ ઉદ્યોગને પણ માઠી અસર થશે.રાલ્હને ટેરિફના કારણે સંભવિત નુકસાનમાંથી ઉગરવા માટે નિકાસકારોને વિવિધ રાહતો આપવા ભલામણ કરી છે. જેમાં લોન ચૂકવણી પર એક વર્ષનો મોરેટોરિયમ, વ્યાજમાં ઘટાડો સહિત ક્રેડિટ રાહતો આપવાની જોગવાઈ છે. તેમણે યુરોપિયન યુનિયન, ગલ્ફ દેશો, લેટિન અમેરિકા સાથે મુક્ત વેપાર સંધિને વેગવાન બનાવવા પણ સલાહ આપી છે.ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ દ્વારા જાહેર રિપોર્ટ અનુસાર, ભારતની અમેરિકામાં થતી નિકાસ ચાલુ નાણાકીય વર્ષમાં ૪૩ ટકા ઘટી ૪૯.૬ અબજ ડોલર થવાની શક્યતા છે. જેમાં કાપડ, જ્વેલરી, કારપેટની નિકાસમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો નોંધાશે. નિકાસમાં આ ઘટાડો ભારતના જીડીપી ગ્રોથમાં ૦.૯ ટકાનું નુકસાન કરશે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના ફાઉન્ડર અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ભારતમાંથી અમેરિકા થતી કુલ નિકાસમાંથી ૩૦ ટકા પ્રોડક્ટ્સ હજુ પણ ડ્યુટી ફ્રી કેટેગરીમાં સામેલ છે. જ્યારે ૪ ટકા નિકાસ ૨૫ ટકા ટેરિફનો સામનો કરશે. આ સિવાય ૬૬ ટકા નિકાસ (કપડાં, ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, કારપેટ અને ફર્નિચર પર ૫૦ ટકા ટેરિફ લાગુ થશે. જેમાં સ્પર્ધા ઘટશે. વધુમાં સ્થિતિસ્થાપક સેવાઓની નિકાસ અને વધતી જતી વૈશ્વિક વૈવિધ્યતા ટેરિફના નુકસાનમાં ઘટાડો કરી શકે છે. અમેરિકાના ટેરિફના કારણે નુકસાન થયુ હોવા છતાં ભારતની એકંદર નિકાસ હજુ પણ FY૨૬ માં ૨.૩% વધવાનો અંદાજ છે.

## અમેરિકી ટેરિફને લઈને PMOમાં પીએમ મોદીની અધ્યક્ષતામાં બેઠક શરૂ: પીએમ મોદી આપી શકે છે કરારો જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકી ટેરિફને લઈને PMOમાં પીએમ મોદીની અધ્યક્ષતામાં બેઠક શરૂ થઈ ચૂકી છે. આ બેઠકમાં અનેક મંત્રાલયોના મંત્રી હાજર છે. એવું કહેવાય રહ્યુ છે કે આ બેઠકમાં અમેરિકાના ૫૦ ટકા ટેરિફ પર ચર્ચા બાદ આગળની રણનીતિ બનવવામાં આવશે. આ બેઠકમાં અમિત શાહ, નિર્મલા સિતારમન, વાણિજ્ય મંત્રી સહિત અધિકારીઓ હાજર છે. આવતી કાલથી લાગુ થઈ રહ્યો છે ૫૦ ટકા ટેરિફ. મહત્વનું છે કે ગૃહમંત્રી અમિત શાહ, નિર્મલા સીતારમન, પિયુષ ગોયેલ સહિત અનેક નેતાઓ આ બેઠકમાં હાજર છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ ૨૫ ટકા ટેરિફ લગાવ્યા બાદ હવે કુલ ૫૦ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. એટલે કે આવતી કાલથી ૫૦ ટકા ટેરિફ લાગુ થશે. પરંતુ આ ટેરિફ દબાણને કારણે ભારત ઝૂંકશે નહીં. પીએમ મોદીએ ટેરિફ મુદ્દે ટ્રમ્પને આડે હાથ પણ લીધા હતા. તેમણે કહ્યુ હતુ કે મારાં દેશના ખેડૂત ભાઈઓ, પશુ પાલકો, ઉદ્યોગસાહસિકો......હું તમને વારંવાર વચન આપું છું કે, મોદી માટે તમારૂં હિત સર્વોપરી છે.આ સિવાય એસ જયશંકર અને શિવરાજ સિંહ ચૌહાણે પણ આ પહેલાં ટેરિફને મુદ્દે કડક સંદેશ આપ્યો હતો. જે પ્રમાણે પીએમ મોદી રશિયા અને ચીનની સાથે સંબંધ વધારી રહ્યા છે. આ સંબંધ ટ્રમ્પ પર ભારે પડી શકે છે. કારણ કે ટ્રમ્પે ભારત પર સૌથી વધુ ટેરિફ લગાવ્યો છે. આ ટેરિફની અનેક દેશો નિંદા પણ કરી રહ્યા છે. મહત્વનું છે કે રશિયા પાસેથી અન્ય અનેક દેશો પણ ઓઈલ ખરીદી રહ્યા છે. તેમ છતાં તેમના પર ટેરિફ લાદવામાં આવ્યો નથી.પરંતુ ભારત પર વધુ ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. પરંતુ પીએમ મોદી ટેરિફને લઈને ટ્રમ્પને જોરદાર જવાબ આપી શકે છે. કારણ કે થોડાં દિવસ પહેલાં પુતિન અને યુક્રેની રાષ્ટ્રપતિ સાથે ફોન પર વાતચીત થઈ હતી.

આ સિવાય મોદી ચીન અને જાપાનના પ્રવાસે જઈ રહ્યા છે. એટલે કે પીએમ મોદી અન્ય દેશો સાથે સંબંધ વધારી રહ્યા છે. આ જ કારણથી ટ્રમ્પને મરચાં પણ લાગી શકે છે.

## ચીન પ્રત્યે ટ્રમ્પનું નરમ વલણ: અમેરિકામાં તેમના સમર્થકોનો જ ભારે વિરોધ નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. તેમણે અમેરિકન યુનિવર્સિટીઓમાં ૬ લાખ ચીની વિદ્યાર્થીઓને ભણવાની મંજૂરી આપી દીધી છે, જ્યારે તેમની સરકાર પહેલાથી જ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર કડક વલણ અપનાવી રહી હતી.

જોકે, ટ્રમ્પના આ નિર્ણયનો દેશની અંદર જ વિરોધ શરૂ થયો છે.ટ્રમ્પના આ નિર્ણયનો વિરોધ તેમના પોતાના સમર્થકો કરી રહ્યા છે. આ સમર્થકો 'મેક અમેરિકા ગ્રેટ અગેન'ના પ્રણેતા છે. તેમનું માનવું છે કે ટ્રમ્પે તેમને દગો આપ્યો છે અને 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિને અવગણી છે.ટ્રમ્પે વોશિંગ્ટન અને બીજિંગ વચ્ચેના સંબંધોને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાવ્યા, જે તેમની જૂની નીતિથી તદ્દન વિપરીત છે. અગાઉ તેમણે ચીની કમ્યુનિસ્ટ પાર્ટી કે સંવેદનશીલ સંશોધન સાથે જોડાયેલા વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાની વાત કરી હતી.

ઓવલ ઓફિસમાંથી પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, 'અમે તેમના વિદ્યાર્થીઓને આવવા દઈશું. આ ખૂબ જ જરૂરી છે, ૬ લાખ વિદ્યાર્થીઓ... આ ખૂબ મહત્ત્વનું છે. પરંતુ અમે ચીન સાથે સારા સંબંધો બનાવીશું.'જોકે, તેમણે બીજિંગને એ પણ ચેતવણી આપી કે જો અમેરિકાને 'રેર અર્થ મેગ્નેટ'નો પુરવઠો નહીં મળે, તો ચીનને ૨૦૦% ટેરિફનો સામનો કરવો પડશે. પરંતુ તેમણે ખાતરી આપી કે બંને દેશો વચ્ચેના વ્યાપારી તણાવની ચીની વિદ્યાર્થીઓ પર કોઈ અસર થશે નહીં અને તેઓ અમેરિકામાં અભ્યાસ કરી શકશે. ટ્રમ્પનું આ નિવેદન બહાર આવતા જ તેમના કટ્ટર સમર્થકો ભડકી ઉઠ્યા.

આ સમર્થકો MAGA (મેક અમેરિકા ગ્રેટ અગેન) આંદોલન સાથે જોડાયેલા છે. તેમણે આ નિર્ણયને 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ સાથે દગો ગણાવ્યો. MAGAના સમર્થક લૌરા લૂમરે ટ્રમ્પના નિર્ણયની આકરી ટીકા કરી અને ચીની વિદ્યાર્થીઓને CCP જાસૂસ ગણાવ્યા.

## બુલંદશહેરમાં ટ્રક-ટ્રેક્ટરના અકસ્માતમાં ૯ લોકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર પ્રદેશના બુલંદશહેર મોટો માર્ગ અકસ્માત સર્જાયો હતો. અહીં શ્રદ્ધાળુઓને લઈને જતા ટ્રેક્ટર ટ્રોલીનો ટ્રક સાથે ગંભીર અકસ્માત સર્જાતા ૯ લોકોના મોત અને ૪૩ ઘાયલ થયા હતા. મૃતકોમાં બે સગીરનો પણ સમાવેશ થાય છે. હોસ્પિટલમાં દાખલ ૧૨ લોકો પણ સગીર હોવાનું સામે આવ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રદ્ધાળુઓની મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારજનોને રૂ. બે-બે લાખ ઘાયલોને રૂ. ૫૦-૫૦ હજારની આર્થિક સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી.

પોલીસે જણાવ્યું કે, 'બુલંદશહેર-અલીગઢ સરહદ પર અરનિયા બાયપાસ નજીક વહેલી સવારે કન્ટેનર ટ્રકે પાછળથી ટક્કર મારતા ટ્રેક્ટર-ટ્રોલી પલટી ગઈ હતી. ટ્રેક્ટર-ટ્રોલીમાં ૬૧ લોકો સવાર હતા, જેઓ કાસગંજ જિલ્લાના રફતપુર ગામથી રાજસ્થાનના જહરપીર યાત્રા માટે જઈ રહ્યા હતા. અકસ્માતમાં પીડિતોને તાત્કાલિક હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

૪૩ ઘાયલોમાંથી ત્રણ વેન્ટિલેટર સપોર્ટ પર હતા. જોકે, બાદમાં અન્ય એક વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં કૂલ મૃત્યુઆંક ૯ થયો હતો.૧૦ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતાં બચાવી લેવામાં આવ્યા હતા.'

મૃતકોની ઓળખ કાસગંજ જિલ્લાના રહેવાસી ટ્રેક્ટર ડ્રાઈવર ઈયુ બાબુ (૪૦), રામબેટી (૬૫), ચાંદની (૧૨), ઘનીરામ (૪૦), મોક્ષી (૪૦), શિવાંશ (૬), યોગેશ (૫૦) અને વિનોદ (૪૫) અને લેખરાજ (૪૦) તરીકે થઈ છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રુતિએ એસએસપી સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વરસાદ વચ્ચે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી.

### બીજા વિશ્વ યુદ્ધ બાદ પહેલીવાર ઓસ્ટ્રેલિયાની મોટી કાર્યવાહી

## ઓસ્ટ્રેલિયા અને ઈરાન વચ્ચેના સંબંધોમાં ખટાશ જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયા અને ઈરાન વચ્ચેના સંબંધોમાં ખટાશ જોવા મળી રહી છે. એક અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયાએ ઈરાન સાથેના રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા છે. તેણે ઈરાનના રાજદૂતને પણ દેશમાંથી હાંકી કાઢ્યા છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. ઓસ્ટ્રેલિયાના સુરક્ષા ગુપ્તચર સંગઠન (ASIO) એ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને દેશમાં થયેલા બે હુમલા માટે જવાબદાર ઠેરવ્યા છે. ઓસ્ટ્રેલિયાએ ઈરાન પર યહૂદી વિરોધી હુમલા કરવાનો આરોપ લગાવ્યો છે. ગયા વર્ષે ૨૦ ઓક્ટોબરે સિડનીમાં લુઈસ કોન્ટિનેન્ટલ કિચન અને ૬ ડિસેમ્બરે મેલબોર્નમાં અદાસ ઈઝરાયલ સિનાગોગ પર હુમલો કરવામાં આવ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો છે કે, આ હુમલાઓમાં ઈરાની સરકાર સામેલ હતી. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનીઝે આ હુમલાઓને સામાજિક એકતાને તોડનારા ગણાવ્યા છે. તેમનું કહેવું છે કે, ઓસ્ટ્રેલિયામાં મતભેદો પેદા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.


ગુપ્તચર એજન્સીને ટાંકીને વડાપ્રધાન અલ્બેનીઝે કહ્યું, "ASIO (ઓસ્ટ્રેલિયન સુરક્ષા ગુપ્તચર સંગઠન) પૂરતી વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે ખૂબ જ ચિંતાજનક નિષ્કર્ષ પર પહોંચ્યું છે. આમાંથી ઓછામાં ઓછા બે હુમલાઓ ઈરાની સરકાર દ્વારા નિર્દેશિત કરવામાં આવ્યા હતા. ઈરાને આ છુપાવવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ ASIOનો અંદાજ છે કે, હુમલાઓ પાછળ ઈરાનનો હાથ હતો." ઈઝરાયલ અને અન્ય પશ્ચિમી દેશોની જેમ ઓસ્ટ્રેલિયા પણ ઈરાનના પરમાણુ કાર્યક્રમની વિરુદ્ધ છે. ઓસ્ટ્રેલિયાએ અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે મળીને ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેના પર લાદવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને સમર્થન આપ્યું છે. ઓસ્ટ્રેલિયાએ ઈરાન પર લાદવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો પણ લાગુ કર્યા હતા, જેને ઈરાને તેના અધિકારોનું ઉલ્લંઘન માન્યું હતું, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. ઓસ્ટ્રેલિયાએ ઈરાન પર માનવાધિકારોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. ઓસ્ટ્રેલિયાએ મહિલાઓ અને લઘુમતીઓ પર દમન અને વિરોધીઓ સામે હિંસાની પણ સખત નિંદા કરી છે. વર્ષ ૨૦૨૨માં મહસા અમીનીના મૃત્યુ બાદ ઈરાનમાં વિરોધ પ્રદર્શન થયા હતા. ઓસ્ટ્રેલિયાએ આ વિરોધ પ્રદર્શનો પર કડક વલણ અપનાવ્યું અને ઈરાની અધિકારીઓ પર પ્રતિબંધો લાદ્યા હતા. ઈરાને નિંદા અને પ્રતિબંધોને દેશના આંતરિક બાબતોમાં દખલગીરી ગણાવી, જેના કારણે ઓસ્ટ્રેલિયા સાથેના સંબંધો વધુ ખરાબ થયા હતા.

## હોસ્પિટલ કૌભાંડમાં કાર્યવાહી: AAP નેતા સૌરભ ભારદ્વાજના ઘર સહિત ૧૩ ઠેકાણા પર EDના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મંત્રી સૌરભ ભારદ્વાજના ઘર સહીત 13 સ્થળોએ દરોડા પાડ્યા છે. દિલ્હીની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB)એ જૂનમાં પૂર્વ આરોગ્ય મંત્રી સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈન સામે કેસ નોંધ્યો હતો, જેમાં AAP સરકાર દરમિયાન આરોગ્ય માળખાગત સુવિધાઓ સંબંધિત પ્રોજેક્ટ્સમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બાદમાં આ કેસ ઈડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, અને કેન્દ્રીય એજન્સીએ જુલાઈમાં કેસ નોંધ્યો હતો.અહેવાલો અનુસાર, 5,590 કરોડ રૂપિયાના કથિત કૌભાંડમાં AAPના કાર્યકાળના બે આરોગ્ય મંત્રીઓ, સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈનની ભૂમિકા તપાસ હેઠળ છે. ઈડી અનુસાર, આમ આદમી પાર્ટી સરકારે 2018-19માં 24 હોસ્પિટલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. યોજના છ મહિનામાં ICU હોસ્પિટલો તૈયાર કરવાની હતી, પરંતુ એવો દાવો કરવામાં આવે છે કે કામ હજુ પૂર્ણ થયુ નથી, જ્યારે 800 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં માત્ર 50% કામ પૂર્ણ થયું છે.ઈડી તપાસમાં સામે આવ્યું કે,દિલ્હી સરકારની લોકનાયક હોસ્પિટલનો બાંધકામ ખર્ચ 488 કરોડ રૂપિયાથી વધીને 1,135 કરોડ રૂપિયા થઈ ગયો. ઘણી હોસ્પિટલોમાં યોગ્ય મંજૂરી વિના બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું.

ACB દ્વારા નોંધાયેલી ફરિયાદ અનુસાર,શહેરભરમાં હોસ્પિટલો, પોલીક્લીનિક અને ICU ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં મોટી અનિયમિતતાઓ, બિનજરૂરી વિલંબ અને ભંડોળનો મોટા પાયે દુરુપયોગ જોવા મળ્યો છે. ખર્ચમાં કરોડો રૂપિયાનો વધારો નોંધવામાં આવ્યો હતો અને એક પણ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થયો ન હતો.

# તંત્રી લેખ......

## રાજકીય અને ચૂંટણી સુધારાઓ અંગે મૂંઝવણમાં મુકાયેલા વિપક્ષી પક્ષો

સપા, તૃણમૂલ કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને આમ આદમી પાર્ટી બિલ પર વિચાર કરવા માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિમાં જોડાવા તૈયાર નથી, જેના હેઠળ વડા પ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ અને તેમના મંત્રીઓ કે જેઓ ફોજદારી કેસોમાં ૩૦ દિવસથી કસ્ટડીમાં અથવા જેલમાં છે તેમને રાજીનામું આપવું પડશે. આ પક્ષોના આ નિર્ણયથી કોંગ્રેસ અને તેના કેટલાક સાથી પક્ષોની મૂંઝવણમાં વધારો થયો છે, પરંતુ વિપક્ષી જોડાણ ઇન્ડિયાની એકતા પર પણ પ્રશ્નો ઉભા થયા છે.

કોંગ્રેસ તેના નેતૃત્વ હેઠળના ગઠબંધનની એકતા દર્શાવવા માટે ગમે તે કરે, પણ એ વાતને અવગણી શકાય નહીં કે જે પક્ષો સંસદીય સમિતિમાં જોડાવા તૈયાર નથી તે પક્ષો ચોક્કસ વ્યક્તિ કે પરિવાર દ્વારા ચલાવવામાં આવે છે. આ પહેલી વાર નથી કે કોઈ વ્યક્તિ કે પરિવાર પર કેન્દ્રિત પક્ષો રાજકીય અને ચૂંટણી સુધારાની કોઈપણ પહેલને અસરકારક બનાવવામાં સહકાર આપી રહ્યા નથી. આપણા દેશમાં રાજકીય ભ્રષ્ટાચાર એક કડવું સત્ય છે, પરંતુ જ્યારે પણ તેને રોકવા માટે કોઈ પહેલ કરવામાં આવે છે, ત્યારે કોઈને કોઈ બહાને તેનો વિરોધ શરૂ થાય છે. આનું નવીનતમ ઉદાહરણ ૧૩૦મા બંધારણીય સુધારા બિલનો વિરોધ છે.

સામાન્ય રીતે, જ્યારે વિપક્ષ ગૃહમાં કોઈ બિલનો વિરોધ કરે છે, ત્યારે તે તેને સંસદીય સમિતિમાં મોકલવાની પણ માંગ કરે છે. હવે, જ્યારે કોઈ કેસમાં ફસાયેલા અને જેલમાં ગયેલા શાસક નેતાને દૂર કરવાની જોગવાઈઓ ધરાવતું બિલ આવી સમિતિને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, ત્યારે ઘણા વિપક્ષી પક્ષો તેનો બહિષ્કાર કરવાનું જરૂરી માની રહ્યા છે.

આ સંસદીય પરંપરા અને પ્રક્રિયાથી વિમુખ થવા સિવાય બીજું કંઈ નથી. એ સમજવું મુશ્કેલ છે કે વિરોધ પક્ષો આ બિલ સામે પોતાનો વાંધો કેમ નોંધાવવા તૈયાર નથી? કોઈ પણ સમજી શકે છે કે આ બિલ મુખ્યત્વે ભ્રષ્ટ નેતાઓના ભ્રષ્ટાચારને રોકવા માટે લાવવામાં આવી રહ્યું છે. આવું કેમ ન કરવું જોઈએ? શું કોઈથી છુપાયેલું છે કે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવવા પર કેવી રીતે અડગ હતા? જોકે પ્રસ્તાવિત કાયદો પૂર્ણ રાજ્યનો દરજ્જો ધરાવતા પ્રાંતો માટે નથી, પરંતુ બધા જાણે છે કે થોડા સમય પહેલા ગંભીર ભ્રષ્ટાચારના કેસમાં ઘણા મહિનાઓથી જેલમાં રહેલા તમિલનાડુના સેન્થિલ બાલાજીને જામીન મળતાની સાથે જ મંત્રી બનાવવામાં આવ્યા હતા. શું વિપક્ષી પાર્ટીઓ ઈચ્છે છે કે નેતાઓને જેલમાંથી સરકાર ચલાવવાની તક મળે અથવા જામીન પર હોવા છતાં મંત્રી બનવાની તક મળે? જો તેઓ પોતાના માટે ખાસ નિયમો અને કાયદા ઈચ્છે છે, તો આ વિશેષાધિકારોની ટોચ છે.

# ટ્રમ્પની દાદાગીરી સામે બ્રિક્સનો પાવર શોઃ એક જ મંચ પર હશે PM મોદી, પુતિન અને જિનપિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. આ સાથે ટ્રમ્પે દાવો કર્યો છે કે, જો કોઈ દેશ રશિયા પાસેથી ક્રૂડ ખરીદે છે, તો તેણે આકરા ટેરિફનો સામનો કરવો પડશે. ટ્રમ્પના આ ટેરિફ વૉર સામે વિશ્વના ૨૦ દેશોના દિગ્ગજ એક મંચ પર એકત્ર થશે. જેમાં વડાપ્રધાન મોદી, રશિયાના પ્રમુખ પુતિન પણ સામેલ થશે. ચીનના તિયાનજિનમાં યોજાનારી શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) શિખર સંમેલનમાં બ્રિક્સ દેશો એકજૂટ થશે. આ દિગ્ગજો ટેરિફ વૉર સામે એકજૂટ થવાના અહેવાલ સાથે ટ્રમ્પની ઊંઘ ઉડી જશે. ચીનના સહાયક વિદેશ મંત્રી લિયૂ બિને જણાવ્યું હતું કે, એસસીઓ બેઠકમાં રશિયાના પ્રમુખ પુતિન, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય દેશના દિગ્ગજ વડાઓ સામેલ થશે. આ આયોજન ચીનના તિયાનજિન શહેરમાં થશે. બે દિવસીય આ સંમેલનમાં યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરસ અને અન્ય નવ આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રમુખ પણ હિસ્સો લેશે. SCO શિખર સંમેલનની મેજબાની ચીનના પ્રમુખ શી જિનપિંગ કરી રહ્યા છે. આ શિખર સંમેલનમાં એસસીઓના તમામ દેશ આગામી ૧૦ વર્ષના વિકાસ માટે જોઈન્ટ ડિક્લેરેશન લેટર પર હસ્તાક્ષર કરશે. જે તેના સભ્યો દેશોના વિકાસને મંજૂરી આપશે. સુરક્ષા તેમજ આર્થિક સહયોગને મજબૂત બનાવવાના ઉકેલો પર પણ ચર્ચા કરશે. જેમાં અમેરિકાની ટેરિફ નીતિનો પણ આકરો જવાબ આપી શકાશે.

SCO સમિટમાં ભાગ લેનારા મુખ્ય નેતાઓની યાદી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી - ભારત
- પ્રમુખ વ્લાદિમીર પુતિન - રશિયા
- પ્રમુખ શી જિનપિંગ - ચીન
- પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન - ઈરાન
- નાયબ વડાપ્રધાન ઈશાક ડાર - પાકિસ્તાન
- પ્રમુખ રેસેપ તૈયપ એર્દોગન - તૂર્કિયે
- વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ - મલેશિયા
- સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ -યુએન

PM મોદીની હાજરી ખૂબ જ મહત્વપૂર્ણઃ ચીન

ભારતમાં ચીનના રાજદૂત શુ ફેઈહોંગે ગુરુવારે કહ્યું હતું કે આ મહિનાના અંતમાં યોજાનારી SCO સમિટ માટે PM મોદીની ચીન મુલાકાત બંને દેશો વચ્ચેના સમિટ અને દ્વિપક્ષીય સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચીન PM મોદીની આ મુલાકાતને ખૂબ મહત્વ આપે છે. PMની ચીન મુલાકાત માત્ર SCO માટે જ નહીં, પરંતુ બંને દેશોના દ્વિપક્ષીય સંબંધો માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના છે. ચીન અને ભારતનું એક કાર્યકારી જૂથ આ મુલાકાતને સફળ બનાવવા માટે તૈયારી કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે, આ શિખર સંમેલનના માધ્યમથી ચીન અમેરિકાને શક્તિ પ્રદર્શન બતાવવાનો પ્રયાસ કરશે. તે પહેલાં ચીનના સહાયક વિદેશ મંત્રી લિયૂ બિનને એસસીઓની બેઠકને એક ખાસ દેશના ચરિત્રથી અલગ કર્યો છે. તેમણે નામ લીધા વિના અમેરિકાને સંભળાવ્યું છે કે, અમુક દેશ પોતાના રાષ્ટ્રીય હિતને અન્યના હિત કરતાં સર્વોચ્ચ બનાવવા ઈચ્છે છે. એસસીઓનો સિદ્ધાંત એકની જીતમાં બીજાની હાર જેવી જૂની માન્યતાઓથી તદ્દન વિપરિત છે. સમય જતાં આ સંગઠન વધુ મજબૂત બન્યું છે.

### પ્રારંભથી જ ખેલાડીએ આ ફોર્મેટનું મહત્વ સમજી લેવું જરૂરી હોય છે

# ટેસ્ટ ક્રિકેટ પડકારજનક રમત છે, સાતત્ય જરૂરીઃ રોહિત

### જ્યારે મેં કારકિર્દીની શરૂઆત કરી અને મુંબઈ માટે ક્લબ ક્રિકેટમાં પણ રમતો હતો ત્યારે મેચો બે દિવસની રહેતી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,



ટેસ્ટ ક્રિકેટનું ફોર્મેટ "પડકારજનક અને કંટાળાજનક" બંને છે પરંતુ તેણે તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની માંગણીઓનો સામનો કરવાનું શીખી લીધું છે. તેમ વર્ષની શરૂઆતમાં પોતાની ટેસ્ટ કારકિર્દીના કેટલાક પાસાઓ પર વિચાર કરતા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની રોહિત શર્માએ સોમવારે જણાવ્યું હતું. ૩૭ ટેસ્ટમાં ૪૩૦૧ રન ફટકારનારા ૩૮ વર્ષીય રોહિત શર્માએ ટી૨૦ ઈન્ટરનેશનલ્સમાંથી નિવૃત્તિ લીધા બાદ આ જ વર્ષે મે મહિનામાં ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી હતી. તેની આગેવાનીમાં ભારતને ટી૨૦ ફોર્મેટમાં વર્લ્ડ કપનો ખિતાબ મળ્યો હતો.એક ઈવેન્ટ દરમિયાન રોહિતે પોતાની કારકિર્દીના કેટલાક પાસાઓને યાદ કર્યા હતા. તેણે મેગા ઈવેન્ટ માટેની તૈયારીઓ વિશે વાત કરી હતી. રોહિતે જણાવ્યું હતું કે તમારે આ માટે સજ્જ રહેવું જોઈએ કેમ કે આ રમત લાંબા સમયની તૈયારી માગી લે છે. ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં તમારે પાંચ દિવસ ટકી રહેવાનું હોય છે. માનસિક રીતે આ બાબત પડકારજનક છે અને તે તમને નીચોવી નાખે છે. પરંતુ તમામ ક્રિકેટર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ માટે જ તૈયાર કરવામાં આવતો હોય છે.જ્યારે મેં કારકિર્દીની શરૂઆત કરી અને મુંબઈ માટે ક્લબ ક્રિકેટમાં પણ રમતો હતો ત્યારે મેચો બે દિવસની રહેતી હતી. આમ અમે એ ધ્યાનમાં રાખીને જ ઘડાયા છીએ આ બાબત તમને મેચની પરિસ્થિતિમાં કેવી રીતે રમત દાખવવી તે શીખવે છે તેમ રોહિતે ઉમેર્યું હતું.તેણે ઉમેર્યું હતું કે કારકિર્દીના પ્રારંભે તમામ ક્રિકેટર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટના મહત્વને સમજી શકતા નથી પરંતુ તેઓ ધીમે ધીમે તે શીખી જાય છે. તમે આગળ વધો અને વયજૂથના ક્રિકેટ અને ત્યાર બાદ સિનિયર પ્લેયર અને કોચ સાથે સંકળાઓ ત્યાર બાદ તમે ધીમે ધીમે તેનું મહત્વ સમજતા થઈ જાઓ છો અને એ રીતે પરિપક્વ બનતા જાઓ છો.તમે યુવાન હોવ છો ત્યારે તૈયારીનું મહત્વ જાણતા નથી અથવા તો સમજતા હોતા નથી પરંતુ આગળ વધો, ઉંમરમાં ફરક પડે ત્યાર બાદ સમજી જાઓ છો કે તમારે શું કરવાનું છે અને કેવી રીતે તૈયારી કરવાની છે તેમ ભારતના આ સફળ સુકાનીએ ઉમેર્યુ હતું. તેણે વધુમાં જણાવ્યું હતું કે તમે ટેસ્ટ ફોર્મેટમાં રમો ત્યારે તમારી પાસેથી ઘણી અપેક્ષા રખાતી હોય ચે અને ખાસ કરીને સાતત્ય દાખવવું સૌથી મહત્વની બાબત છે. તમારે ઉંચા દરજ્જાનું પ્રદર્શન કરવાનું હોય છે અને તમારી પાસેથી એવી જ અપેક્ષા રખાતી હોય છે.

### ભીષણ અકસ્માતમાં ચારેયના મોત

# ગ્રેટર નોઈડામાં એક ભીષણ અકસ્માતની ઘટના સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગ્રેટર નોઈડા

ગ્રેટર નોઈડામાં એક ભીષણ અકસ્માતની ઘટના સામે આવી છે. જ્યાં ઈન્સ્ટાગ્રામ માટે રીલ્સ બનાવ્યા બાદ ઘરે પરત ફરતી વખતે ૪ મિત્રોને અકસ્માત નડ્યો. ચારેય લોકો નવી ખરીદેલી બાઈક લઈને જઈ રહ્યા હતા તે સમયે વેગેનાર કાર સાથે અથડાઈ. અકસ્માતમાં ઘટના સ્થળે જ મોત નીપજ્યા છે. પરિવારજનોને આ ઘટનાની જાણ થતા પરિવાર પર આભ તૂટી પડ્યો છે.મળતી માહિતી પ્રમાણે આ ઘટના ગ્રેટર નોઈડામાં સોમવારના દિવસે ઈકોટેક-૩ કોતવાલી વિસ્તારમાં કુલેસરા રોડ પર ઘટી હતી. ચાર મિત્રો જેમાં બે નાબાલિગ હતા, તેમના મોત નીપજ્યા છે. તેઓ ઈન્સ્ટાગ્રામ માટે રીલ બનાવીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે જ તેમની બાઈક સામેથી આવી રહેલી વેગેનાર કાર સાથે ટકરાઈ તેઓએ હેલ્મેટ નહોતું પહેરેલું. અકસ્માતમાં ચારેય મિત્રોના મોત નીપજ્યા છે. મૃતકોની ઓળખાણ કુલેસરા ગામના સુમિત ઉં.૧૬, લવકુશ ઉં-૧૭, સુત્યાના ગામના મોનુ ઠાકુર ઉં-૧૮, અને હલ્દૌનીના રિહાન ઉં-૧૮ના રૂપમાં થઈ છે. ચારેય મિત્રો સોમવારે બપોરે આશરે ૧ વાગ્યાની આસપસાલ ટીવીએસ રાઈડર બાઈક પર રીલ બનાવવા નીકળ્યા હતા. આ બાઈક મોનુ ઠાકુરની હતી, એણે આ બાઈક થોડાં દિવસ પહેલાં જ ખરીદી હતી. બાઈકને મોનૂ ચલાવી રહ્યો હતો અને બાકીના ત્રણ લોકો પાછળ બેઠાં હતા. લખનાવલીથી કુલેસરા પુસ્તા રોડ પર આવતા સમયે તેમની બાઈક સામે આવી રહેલી વેગેનાર કાર સાથે ટકરાઈ. જેમાં ચારેય મિત્રો લોહી લુહાણ હાલતમાં જમીન પર પટકાયા. તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃતક જાહેર કર્યા.

# વાહન ચાલકોને મોટો ઝટકોઃ સરકારે ૨૦ વર્ષ જૂના વાહનોની રજિસ્ટ્રેશન ફીમાં કર્યો બમણો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશમાં હવે ૨૦ વર્ષથી જૂની ગાડીઓનું રજિસ્ટ્રેશન રિન્યુ કરવાનો મોંઘું થઈ ગયું છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રિન્યુઅલ ફીમાં નોંધપાત્ર વધારો કરતો નવો આદેશ જારી કર્યો છે. સરકારનો ઉદ્દેશ્ય એ છે કે, લોકો સ્વેચ્છાએ તેમના જૂના વાહનોને સ્ક્રેપ કરે અને રસ્તા પર પ્રદૂષિત વાહનોની સંખ્યા ઘટાડે. નવા નિયમો હેઠળ, હવે લાઈટ મોટર વ્હીકલથી લઈને આયાતી વાહનો સુધી નોંધણી રિન્યુઅલ પર મોટી રકમ ચૂકવવી પડશે. ૨૦ વર્ષ જૂના લાઈટ મોટર વ્હીકલ (LMV)ના રજિસ્ટ્રેશન રિન્યુઅલ ફી હવે ૫૦૦૦ રૂપિયાથી વધારીને ૧૦ હજાર કરી દીધી છે. આવી જ રીતે, ટુ-વ્હીલર વાહનો માટે રિન્યુઅલ ફી ૧૦૦૦ રૂપિયાથી વધારીને રૂ. ૨૦૦૦ અને થ્રી-વ્હીલર વાહનો અને ક્વાડ્રિસાઈકલ માટે આ ફી ૩૫૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. હવે, આયાતી ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલરના રજિસ્ટ્રેશન રિન્યુઅલ પર ૨૦ હજાર રૂપિયા ફી ચૂકવવી પડશે. જ્યારે ફોર-વ્હીલર અથવા મોટા આયાતી વાહનો પર ૮૦ હજાર રૂપિયા ફી ચૂકવવી પડશે. આ નિર્ણય હેઠળ, સરકારે ફેબ્રુઆરી ૨૦૨૫માં સુધારાનો મુસદ્દો જાહેર કર્યો હતો, જેને ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ અગાઉ ઓક્ટોબર ૨૦૨૧માં પણ સરકારે વાહન રજિસ્ટ્રેશન અને રિન્યુઅલ ફીમાં વધારો કર્યો હતો. સરકારનું કહેવું છે કે, આ પગલું સ્ક્રેપ નીતિને પ્રોત્સાહન આપવા અને પ્રદૂષણને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે ઓગસ્ટ ૨૦૨૫ની શરૂઆતમાં દિલ્હી-NCR ક્ષેત્રમાં ૧૦ વર્ષ જૂના ડિઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનોના માલિકો સામે સખ્ત કાર્યવાહી કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. દિલ્હી સરકારે કોર્ટને વિનંતી કરી હતી કે, વાહનોને તેમના ઉત્પાદન વર્ષ કરતાં તેમના વાસ્તવિક ઉપયોગની સ્થિતિના આધારે નિવૃત્ત કરવામાં આવે.

## બીઝેડ કૌભાંડના આરોપી ભુપેન્દ્ર ઝાલાના જામીન મંજુર : રોકાણકારોની તમામ રકમ એક વરસમાં જમા કરાવવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં કરોડો નુ કૌભાંડ આચરનાર બીઝેડ કંપનીના માલીક ભુપેન્દ્ર ઝાલાના જામીન મંજુર કરવામાં આવ્યા છે. ભુપેન્દ્ર ઝાલાએ ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી જે ગુજરાત હાઈકોર્ટે મંજુર કરી હતી. ભુપેન્દ્ર ઝાલા ૮ મહિના બાદ હવે જેલની બહાર આવશે. કોર્ટને અપાયેલા બાહેંધરી મુજબ કોર્ટ સમક્ષ ૫ કરોડ રૂપીયા જમા કરાવી દેવામાં આવ્યા છે. રોકાણકારોને પૈસા પરત આપવા ભુપેન્દ્ર ઝાલા પહેલા મહિને રૂપીયા ૧ કરોડ, બીજા મહિને રૂપીયા ૨ કરોડ, ત્રીજા મહિને રૂપીયા ૩ કરોડ અને બાકીની રકમ ૯ સરખા હપ્તામાં જમા કરાવશે. આમ રોકાણકારોની તમામ રકમ એક વરસમાં જીપીઆઈડી કોર્ટ સમક્ષ જમા કરાવવામાં આવશે તેવુ જણાવવામાં આવ્યુ છે.

## પશ્ચિમ રેલ્વે દ્વારા સાબરમતી-કટોસન રોડ વચ્ચે મેમુ ટ્રેનની શરૂઆત

પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધા માટે સાબરમતી અને કટોસન રોડ વચ્ચે પેસેન્જર ટ્રેન સેવા (મેમુ ટ્રેન) શરૂ કરી છે. જેની વિગતો નીચે મુજબ છે

● સાબરમતી-કટોસન રોડ મેમુ ટ્રેન (શનિવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ)

ટ્રેન નંબર ૬૯૨૪૯ સાબરમતી-કટોસન રોડ મેમુ સાબરમતીથી ૦૬.૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૦૮.૦૫ વાગ્યે કટોસન રોડ પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૬૯૨૫૦ કટોસન રોડ - સાબરમતી મેમુ કટોસન રોડથી ૧૯.૦૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને ૨૦.૩૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બંને દિશામાં કલોલ, કડી અને ભોયણી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં કુલ ૮ કોચ રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### તાવી નદી ચિનાબની સહાય નદી છે, જે પાકિસ્તાનમાંથી પણ વહે છે

## પાકિસ્તાનને માનવતાના ધોરણે તાવી નદીના પૂરથી એલર્ટ કરાયું છેઃ ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદીની સહાયક તાવી નદીમાં આવેલા પૂરને જોતાં માનવતાના ધોરણે પાકિસ્તાનને એલર્ટ કર્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયના કહેવા મુજબ, આ નિર્ણય(એલર્ટ કરવાનો) સંપૂર્ણપણે માનવીય મદદના ભાગરુપે લેવામાં આવ્યો છે. ભારતીય દૂતાવાસે ઈસ્લામાબાદમાં રવિવારે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયને પૂરની માહિતી આપી છે. આ પહેલો મોકો છે જયારે આ પ્રકારની માહિતી દૂતાવાસ દ્વારા આપવામાં આવી છે. સામાન્ય રીતે, સિંધુ જળ કરાર અંતર્ગત પૂર સંબંધિત એલર્ટની માહિતી બંને દેશોના વોટર કમિશનરની વચ્ચે આપ-લે થતી હતી. આ વર્ષે મે મહિનામાં ભારતના ઓપરેશન સિંદૂર પછીથી બંને દેશોની વચ્ચે વાતચીત લગભગ બંધ થઈ ગઈ છે. સોમવારે પાકિસ્તાનના મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતે સિંધુ જળ કરાર અંતર્ગત પાકિસ્તાનને સંભવિત પૂરની માહિતી આપી છે. ભારતે ૨૪મી ઓગસ્ટની સવારે જમ્મુની તવી નદીમાં પૂરની શક્યતાને લઈને ઈસ્લામાબાદને એલર્ટ કરવામાં આવ્યું છે. ૨૨મી એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે ૧૯૬૦માં પાકિસ્તાનની સાથે થયેલા સિંધુ જળ કરારને સ્થગિત કરી દીધો હતો. આ અંતર્ગત સિંધુ વોટર સિસ્ટમની ત્રણ નદીઓ(પૂર્વની)ના પાણીનો ઉપયોગ ભારત કરી શકે છે અને બાકીની ત્રણ પશ્ચિમી નદીઓના પાણીઓનો ઉપયોગ કરવાનો અધિકાર પાકિસ્તાનને આપવામાં આવ્યો હતો.

### વ્યસનોના કારણે દર વર્ષે આશરે ૫,૦૦૦ નવા કેન્સરના કેસ નોંધાય છે

# રાજકોટમાં બનશે સૌરાષ્ટ્રનું પ્રથમ પેલેટીવ કેર સેન્ટર

### આ સેન્ટર કાલાવડ રોડ પર એક એકર જમીન પર બનશે, જેમાં ૭ કરોડ રૂપિયાના ફંડ સાથે ૨૫ બેડથી શરૂઆત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સૌરાષ્ટ્રમાં તમાકુ, પાન, માવા અને સિગારેટ જેવા વ્યસનોને કારણે દર વર્ષે આશરે ૫,૦૦૦ નવા કેન્સરના કેસ નોંધાય છે, જેમાં ચોથા તબક્કાના દર્દીઓને સૌથી વધુ મુશ્કેલી પડે છે. રાજકોટમાં સૌરાષ્ટ્રનું પ્રથમ પેલેટીવ કેર સેન્ટર કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા શરૂ થવા જઈ રહ્યું છે, જે દર્દીઓને શારીરિક, માનસિક અને ભાવનાત્મક સમર્થન આપશે. આ સેન્ટર કાલાવડ રોડ પર એક એકર જમીન પર બનશે, જેમાં ૭ કરોડ રૂપિયાના ફંડ સાથે ૨૫ બેડથી શરૂઆત થશે અને ભવિષ્યમાં ૫૦ બેડ સુધી વિસ્તારવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં વર્ષે વર્ષે કેન્સરના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને પાન, માવા, તમાકુ અને સિગારેટ જેવા વ્યસનોના કારણે દર વર્ષે આશરે ૫,૦૦૦ નવા કેન્સરના કેસ નોંધાય છે. આમાંથી મોટાભાગના દર્દીઓ ચોથા તબક્કાના કેન્સરથી પીડાતા હોય છે, જેમાં સારવારની શક્યતાઓ ઘણી ઓછી રહે છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ૯૦% કેન્સરના કેસ તમાકુના સેવન સાથે સંકળાયેલા છે. ખાસ કરીને જૂનાગઢ, પોરબંદર, અમરેલી અને રાજકોટ જિલ્લામાં કેન્સરના કેસ સૌથી વધુ જોવા મળે છે. ૧૪થી ૪૦ વર્ષની ઉંમરની મહિલાઓમાં ગર્ભાશયનું કેન્સર, બાળકોમાં લ્યુકેમિયા અને બ્લડ કેન્સર, તેમજ ૬૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર અને મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે.

ચોથા તબક્કાના કેન્સરના દર્દીઓ માટે સંપૂર્ણ સારવાર શક્ય નથી હોતી. આવા દર્દીઓ શારીરિક, માનસિક અને આર્થિક રીતે અત્યંત પીડા અનુભવે છે. આ સમયે માત્ર દવાઓ જ નહીં, પરંતુ લાગણીસભર સંભાળ, સહાનુભૂતિ અને મનોબળની પણ જરૂર હોય છે. પેલેટીવ કેરનો મુખ્ય હેતુ દર્દીઓને તેમની અંતિમ સફરમાં સન્માનજનક અને આનંદપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવાનો છે. આ સેવા દર્દીની શારીરિક પીડા ઘટાડવા ઉપરાંત તેમની ભાવનાત્મક અને માનસિક જરૂરિયાતોને પણ પૂરી કરે છે, જેથી તેઓ અને તેમના પરિવારને માનસિક શાંતિ મળે.સૌરાષ્ટ્રનું પ્રથમ પેલેટીવ કેર સેન્ટર રાજકોટમાં કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવશે, જે કેન્સરના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ સેન્ટર કાલાવડ રોડ પર એક દાતાએ ફાળવેલી એક એકર જમીન પર બનશે. હાલમાં ૭ કરોડ રૂપિયાનું ફંડ એકત્ર થયું છે, અને પ્રાથમિક તબક્કામાં ૨૫ બેડ સાથે સેન્ટર શરૂ થશે.

ખાસ વાત એ છે કે, અહીં તમામ સારવાર અને સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. જો પૂરતું ફંડ મળે, તો સેન્ટરની ક્ષમતા વધારીને ૫૦ બેડ કરવામાં આવશે, જે દેશનું સૌથી મોટું પેલેટીવ કેર સેન્ટર બની શકે છે. ફાઉન્ડેશનનો ધ્યેય આ સેન્ટરને ફાઈવ-સ્ટાર હોસ્પિટલ જેવું અદ્યતન બનાવવાનો છે, જેમાં આધુનિક સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ હશે.કેન્સર કેર ફાઉન્ડેશનના સ્થાપક અશ્વિનભાઈ સોલંકી પોતે કેન્સર સર્વાઈવર છે. ૨૦૧૯માં તેમને કેન્સર ડિટેક્ટ થયું હતું, જે બાદ તેમણે કેન્સર ક્લબની શરૂઆત કરી. આજે આ ક્લબ ૬૦૦ સભ્યોની મોટી સંસ્થા બની ગઈ છે, જે દરરોજ ૫૦થી ૧૦૦ દર્દીઓને સીધી કે આડકતરી રીતે મદદ કરે છે. ફાઉન્ડેશન દ્વારા કેન્સર જાગૃતિ કાર્યક્રમો, મફત વેક્સિનેશન, અને વ્યસનમુક્તિ સેમિનારો જેવા પ્રયાસો દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવે છે. આ સંસ્થા દર્દીઓને માત્ર આરોગ્ય સેવા જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક સમર્થન પણ પૂરું પાડે છે.

આ પેલેટીવ કેર સેન્ટર માત્ર સારવાર જ નહીં, પરંતુ દર્દીઓની ઈચ્છાઓ પૂરી કરવા, તેમનું મનોબળ વધારવા અને તેમને પ્રેમ તથા સહાનુભૂતિ આપવાનું કામ પણ કરશે. ઘણા પરિવારો માટે આવી સંભાળ પૂરી પાડવી શક્ય નથી હોતું, અને આવા સમયે આ સેન્ટર દર્દીઓ અને તેમના પરિવાર માટે આશાનું કિરણ બનશે. ૨૫૦ દાતાઓના સહયોગથી બાંધકામ અને આધુનિક સાધનોની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે, અને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં સેન્ટર શરૂ થવાની યોજના છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ભાવનગર ડિવિઝન થઈને ચાલતી ૩ જોડી સ્પેશિયલ ટ્રેનોની ફ્રિક્વન્સી ૩૧ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી

યાત્રિયોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર રેલવે મંડળ થઈને ચાલતી ૩ જોડી સ્પેશિયલ ટ્રેનોની ફ્રીક્વન્સી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી વધારી દેવામાં આવી છે. ભાવનગર ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૦૯૨૧૧/૦૯૨૧૨ ગાંધીગ્રામ – બોટાદ - ગાંધીગ્રામ દૈનિક સ્પેશિયલ [અનરિઝર્વ્ડ]

ટ્રેન નંબર ૦૯૨૧૧ ગાંધીગ્રામ - બોટાદ સ્પેશિયલ જે અગાઉ ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૨ બોટાદ-ગાંધીગ્રામ સ્પેશિયલ, જે અગાઉ ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૨૧૬/૦૯૨૧૫ ભાવનગર-ગાંધીગ્રામ દૈનિક સ્પેશિયલ [અનરિઝર્વ્ડ]

ટ્રેન નંબર ૦૯૨૧૬ ભાવનગર-ગાંધીગ્રામ સ્પેશિયલ, જે અગાઉ ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૫ ગાંધીગ્રામ-ભાવનગર સ્પેશિયલ, જે અગાઉ ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૫૩૦/૦૯૫૨૯ ભાવનગર-ધોલા દૈનિક સ્પેશિયલ [અનરિઝર્વ્ડ]

ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર-ધોલા સ્પેશિયલ જે અગાઉ ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૯ ધોલા-ભાવનગર સ્પેશિયલ જે અગાઉ ૩૦ સેપ્ટેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# દુષ્કર્મ કેસમાં રાજકોટમાં ફરજ બજાવી ચુકેલ પીઆઈ ફર્નાન્ડિસ ની આગોતરા જામીન અરજી રદ

પ્રતિનિધિ,ગાંધીનગર

દુષ્કર્મ કેસમાં રાજકોટમાં ફરજ બજાવી ચુકેલ પીઆઈ ફર્નાન્ડિસની આગોતરા જામીન અરજી રદ થઈ છે. વી જે ફર્નાન્ડિસે મિત્રતા કેળવી રાજકોટની ટ્રાફીક વોર્ડન યુવતિને લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધ્યો હતો, તેવા આક્ષેપવાળી ફરીયાદ નોંધાઈ છે જેમાં ધરપકડ થી બચવા ફર્નાન્ડિસે આગોતરા જામીન માંગ્યા હતા. આશરે બે મહિના પહેલા સરકારે વી જે ફર્નાન્ડિસને ફરજીયાત નિવૃત્તિનો હુકમ કર્યો હતો. છેલ્લે તે અમદાવાદ ખાતે પીઆઈ તરીકે હતા.



દુષ્કર્મના આક્ષેપવાળા કેસની વિગત મુજબ ગઈ તા.૨૬/૭/૨૦૨૫ ના રોજ ફરીયાદી મહિલાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલ કે વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન પોલીસ ઈન્સપેકટર વિકટર જોહન ફર્નાન્ડિસ જયારે બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ટ્રાફીક બ્રિગેડમાં ફરીયાદી મહિલા ફરજ બજાવતા હતા. ત્યારે ફરીયાદી મહિલા સાથે પોલીસ ઈન્સ્પેકટર વી જે ફર્નાન્ડિસે મિત્રતા કેળવી ફરીયાદીને લગ્નની લાલચ આપી ફરીયાદીની ઈચ્છા વિરૂધ્ધ ફરીયાદી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી આરોપીએ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી લીધેલ હોવાની ફરીયાદ ફરીયાદી સ્ત્રીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે ફરીયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાતા તે ગુન્હાના કામે ધરપકડ થી બચવા માટે હાલ સસ્પેન્સ ઉપર રહેલ પોલીસ ઈન્સ્પેકટર વી જે ફર્નાન્ડિસે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલ કે આરોપી વિરૂધ્ધ સમાજ વિરોધી ગુન્હો નોંધાયેલ છે અને આરોપીએ પોતે કાયદાનુ રક્ષણ કરવાની જવાબદારી હોવા છતાં આવો ગુન્હો કરેલ હોય આવા દુષ્કર્મના ગુન્હામાં આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ નહી,

જો તેને જામીન આપવામાં આવશે તો સમાજમાંથી આવા પ્રકારના ગુન્હાઓ કરતા માણસો તેમજ આરોપીઓને પ્રોત્સાહન મળશે અને સમાજમાં ખોટો સંદેશો જશે અને આવા લોકોને કાયદાનો કોઈ ડર રહેશે નહી, આવા બનાવો ઉપર અંકુશ રાખવા માટે આગોતરા જામીન અરજી રદ કરવી જોઈએ તે રજુઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટીએસ બ્રહ્મભટ્ટે આરોપીની આગોતરા જામીન અરજી રદ કરી હતી. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા સર્પદંશ નિવારણ – વ્યવસ્થાપન વિષયક રાજ્યસ્તરીય એક દિવસીય વર્કશોપનું આયોજન કરાયું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગતના સ્ટેટ હેલ્થ સિસ્ટમ્સ રિસોર્સ સેન્ટર–ગુજરાત (SHSRC-G) તથા સ્ટેટ એપીડેમિક સેલ દ્વારા ''સર્પદંશ નિવારણ અને વ્યવસ્થાપન વિષયક રાજ્યસ્તરીય વર્કશોપ'' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં સર્પદંશના કારણે થતા મૃત્યુમાં ઘટાડો કરવા તેમજ આરોગ્ય અધિકારીઓમાં જાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે ફાઉન્ડેશન ફૉર પિપલ સેન્ટ્રિક હેલ્થ સિસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશનના ડિરેક્ટર – ડૉ. ચંદ્રકાંત લાહરીયાએ જણાવ્યું હતું કે, સર્પદંશ ભારત માટે એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ તેને અવગણાયેલી બિમારી તરીકે જાહેર કરી છે. ગુજરાતમાં ગ્રામ્ય તથા કૃષિ



આધારિત વિસ્તારોમાં સર્પદંશની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ગુજરાતમાંથી છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૧૦૮ EMRI ખાતે આશરે ૫૫૦૦ થી ૭૦૦૦ જેટલા સર્પદંશ માટેના કોલ ડાંગ ,વલસાડ, તાપી અને નર્મદા જેવા ટ્રાઈબલ જિલ્લાઓમાંથી આવ્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આરોગ્યકર્મીઓને WHO-ICMR પ્રોટોકોલ મુજબની સારવાર માટે, તાલીમ બાબતે તેમજ પ્રાથમિક સારવાર માટે "Carry No R.I.G.H.T." સિદ્ધાંતના અમલ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. એ. એમ. કાદરીની ઉપસ્થિતિમાં રાજ્યની આરોગ્ય સંસ્થાઓમાં એન્ટી-સ્નેક વેનમ સીરમ (ASVS)ની ઉપલબ્ધતા, તેની યોગ્ય વહેંચણી અને સતત પુરવઠો વધારે સુદ્રઢ કરી શકાય તે અંગે આરોગ્ય અધિકારીઓ સાથે ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સર્પદંશ અંગે જાગૃતિ વધારવા સહિતના મુદ્દાઓ પર આરોગ્યકર્મીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં શ્રી કાદરીએ જણાવ્યું કે,ચોમાસા દરમિયાન તથા બાંધકામોની જગ્યાએ સર્પદંશના કેસ વધારે જોવા મળે છે. રાજ્યની અમુક મેડિકલ કોલેજ ખાતે પણ ચોમાસા ઋતુમાં દૈનિક એકથી બે જેટલા સર્પદંશના કેસ સારવાર માટે આવતા હોય છે. આ વર્કશોપમાં ડેપ્યુટી ડિરેક્ટર એપીડેમિક ડૉ. જયેશ કતીરા, સ્ટેટ એપીડેમિયોલોજીસ્ટ ડૉ. જયેશ સોલંકી સહિત જિલ્લા તથા મહાનગરપાલિકા આરોગ્ય તંત્રના અધિકારીશ્રીઓ, મેડિકલ કોલેજોના ફેકલ્ટીશ્રી અને તબીબી અધિકારીશ્રીઓ સક્રિય ભાગ લીધો હતો. - પ્રિન્સ ચાવલા

''આ શિશુ સંભાળ કેન્દ્રથી સચિવાલયમાં કામ કરતી મહિલાઓ પોતાના કામ અને બાળક બંનેને યોગ્ય ન્યાય આપી શકશે''

# સચિવાલય- ગાંધીનગર ખાતે રૂ. ૪૮ લાખના ખર્ચે નવીનીકરણ કરાયેલી ''કુંજવાટિકા''નું સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે લોકાર્પણ

"કુંજવાટિકા"માં નાના ભુલકાઓને પ્રેમ, સંસ્કાર, વાત્સલ્ય સાથે પૌષ્ટિક આહાર અપાશેઃ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયા

સચિવાલય-ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓના બાળકોને સ્વસ્થ અને સલામત વાતાવરણ મળી રહે તે હેતુથી સચિવાલયના બ્લોક નં.૧૦ ના બીજા માળે ''કુંજવાટિકા'' શિશુ સંભાળ કેન્દ્રનું સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા અને રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમારના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ ''કુંજવાટિકા''નું રૂ. ૪૮ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે.



આ પ્રસંગે મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, "કુંજવાટિકા"માં નાના ભુલકાઓને પ્રેમ, સંસ્કાર, વાત્સલ્ય સાથે પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. આ શિશુ સંભાળ કેન્દ્રથી સચિવાલયમાં કામ કરતી મહિલાઓ પોતાના કામ અને બાળક બંનેને યોગ્ય ન્યાય આપી શકશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સરકારી કચેરી કે સંસ્થામાં નોકરી કરતી મહિલાઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. આ સંજોગોમાં નોકરી કરતી મહિલાઓના બાળકોનો યોગ્ય ઉછેર થાય તે માટે તેમના કાર્યસ્થળે જ સરકાર દ્વારા શિશુ સંભાળ કેન્દ્રો ઉભા કરવા જરૂરી બન્યા છે. જેથી નોકરી કરતી મહિલાઓ સંપૂર્ણ નિશ્ચિત થઈને બાળકોને શિશુ સંભાળ કેન્દ્રોમાં મોકલી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા સચિવાલય સંકુલ અને અમદાવાદ ખાતે કુલ ચાર શિશુ સંભાળ કેન્દ્ર કાર્યરત છે. જેમાં બે નવા સચિવાલય, એક જુના સચિવાલય અને એક અમદાવાદ, બહુમાળી ભવન ખાતે શિશુ સંભાળ કેન્દ્ર ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે કાર્યરત છે.

આ શિશુ સંભાળ કેન્દ્રોમાં ૧૦૨ બાળકોની સાર સંભાળ રાખવામાં આવી રહી છે. આ કેન્દ્રોમાં નોકરી કરતી મહિલાઓના ૬ વર્ષ સુધીના બાળકને પ્રવેશ આપવામાં આવે છે. આ બાળકોના સારા સ્વાસ્થ્ય માટે સવારે દૂધ, બપોરે જમવાનું અને ત્યારબાદ નાસ્તો પણ આપવામાં આવે છે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ સહિત સમાજ સુરક્ષા પ્રભાગના અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

- ઋચા રાવલ

# સાર્વત્રિક વરસાદના પરિણામે ગુજરાતના ખેડૂતો દ્વારા ૮૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર

મગફળીનું સૌથી વધુ ૨૧.૮૮ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર; કપાસનું પણ ૨૦.૭૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર

ચાલુ વર્ષે ગુજરાતમાં વરસેલા સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ખેડૂતો દ્વારા પુષ્કળ માત્રામાં ખરીફ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૮૫ ટકાથી વધુ નોંધાયો છે. જેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં જ ૯૪ ટકા એટલે કે, ૮૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. રાજ્યમાં સમયસર અને પૂરતા પ્રમાણમાં વરસાદ આવતા આ વર્ષે વિવિધ પાકોના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં હજુ પણ વરસાદનું જોર યથાવત છે, જેથી આગામી ૧૫ દિવસમાં રાજ્યનો કુલ વાવેતર વિસ્તાર ૧૦૦ ટકાને પાર પહોંચવાની પૂર્ણ સંભાવના છે. ખેતી નિયામકની કચેરીના અહેવાલ મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના સમયસર આગમનના પરિણામે ચાલુ વર્ષે ખરીફ પાકોનું સારું વાવેતર જોવા મળ્યું છે. છેલ્લા ૩ વર્ષના વાવેતરની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં થયેલા કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮૧ લાખ હેક્ટરથી વધુ એટલે કે, ૯૪ ટકાથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થઇ ગયું છે.

મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં સૌથી વધુ મગફળી અને કપાસનું પુષ્કળ પ્રમણમાં વાવેતર અને ઉત્પાદન થાય છે. આ વર્ષે પણ મગફળી અને કપાસનું ખૂબ જ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. ગુજરાતના ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સૌથી વધુ આશરે ૨૧.૮૮ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળી અને ત્યારબાદ ૨૦.૭૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં મગફળીનું વાવેતર પ્રતિવર્ષ સતત વધી રહ્યું છે. રાજ્યમાં મગફળીનું સરેરાસ ૧૭.૫૦ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થાય છે. ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ખેડૂતોએ ૧૯.૧૦ લાખ હેકટર વિસ્તારમાં મગફળીનું વાવેતર કર્યું હતું. આ વર્ષે પણ ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં મગફળીનું રેકોર્ડબ્રેક વાવેતર થયું છે. અત્યાર સુધીમાં જ મગફળીના સામાન્ય વાવેતરની સરખામણીએ ૧૨૫ ટકા વાવેતર પૂર્ણ થયું છે, જે હજુ પણ વધવાની સંભાવનાઓ છે.

મગફળી સહિત રાજ્યમાં તેલીબીયા પાકનું ગત વર્ષે આ સમયગાળા સુધીમાં ૨૭.૬૯ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તેલીબીયા પાકોનું કુલ ૩૦.૪૬ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ધાન્ય પાકોનું ૧૩.૫૭ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, કઠોળ પાકોનું ૪.૧૩ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં, ઘાસચારાનું ૮.૯૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં અને શાકભાજીનું ૨.૪૯ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ વર્ષે મગફળી, તુવેર, સોયાબીન, ડાંગર, મઠ જેવાં પાકોનું વાવેતર છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતરની સરખામણીએ ૧૦૦ ટકાને પાર પહોંચ્યું છે. આ ઉપરાંત બાજરી, મકાઈ અને શાકભાજીનું વાવેતર ૯૦ ટકાને પાર પહોંચ્યું છે.

- નિતિન રથવી

# સાબરમતી નદીમાં પાણીનો પ્રવાહ વધતા સંત સરોવર બેરેજની પ્રત્યક્ષ મુલાકાત કરી સમીક્ષા કરતા જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયા

ઉપરવાસમાં વધુ વરસાદના પરિણામે સાબરમતી નદીમાં પાણીનો પ્રવાહ વધતા ગાંધીનગર ખાતે આવેલા સંત સરોવર બેરેજની આજે સવારે જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાએ પ્રત્યક્ષ મુલાકાત કરીને અધિકારીઓ સાથે સમીક્ષા યોજી હતી.

મંત્રી શ્રી કુંવરજીએ આ મુલાકાત દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સંબંધિત અધિકારીઓને નીચાણવાળા વિસ્તારમાં આવેલા શહેરો-ગામોનો સંપર્ક કરી તેમને સતર્ક કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે, ધરોઈ બંધના ઉપરવાસમાં સાબરકાંઠા જિલ્લાના વડાલી,

**મંત્રી શ્રી કુંવરજીએ સંબંધિત અધિકારીઓને નીચાણવાસમાં આવેલા શહેરો-ગામોનો સંપર્ક કરી તેમને સતર્ક કરવા સૂચના આપી હતી**



ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાઓ તેમજ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં છેલ્લા ત્રણ દિવસમાં ૧૦૦ થી ૩૦૦ મીમી સુધીનો વરસાદ થતાં ધરોઈ બંધમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના પગલે ધરોઈ બંધમાંથી તા.૨૩ ઓગસ્ટ-૨૦૨૫ થી ક્રમશઃ પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે ધરોઈ બંધના નીચાણવાસમાં આવેલા વલાસણા, હીરપુરા, લાકરોડા, સંત સરોવર અને વાસણા બેરેજ ખાતે પણ પાણીની નોંધપાત્ર આવક થઈ છે. હાલમાં ધરોઈ બંધની જળસપાટી ૬૧૭.૨૨ ફૂટ છે તથા ૮૨ ટકા જેટલો પાણી સંગ્રહ થયો છે. ધરોઈ બંધમાં પાણીની આવક ૪૨,૬૮૧ ક્યુસેક અને જાવક ૩૮,૯૭૬ ક્યુસેક છે. - જનક દેસાઈ

# ભાજપ નેતાની ૩૦૦ કરોડની સંપત્તિ જપ્ત થશે : આપ માંથી બચવા માટે ભાજપમાં ગયા પરંતુ કયાંય બચવા માટે મેળ ન પડયો

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાની મોડાસા જિલ્લા સેશન્સ કોર્ટે ભાજપ નેતા અને પૂર્વ આમ આદમી પાર્ટી નેતા જયંતિલાલ જેઠાભાઈ મેવાડાની ૩૦૦ કરોડ રૂપીયાની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કરતા અરવલ્લી જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ નિર્ણય ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર સંપત્તિના ગંભીર આરોપોના પગલે લેવામાં આવ્યો છે જે ૨૦૨૨ માં કલોલ ના વિરલગીરી ગોસ્વામી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરીયાદમાં ઉઠાવવામાં આવ્યા હતા. આ કેસે રાજયના રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. કારણ કે આરોપોની રકમ ૧૭૦૦ કરોડ રૂપીયા સુધીની હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જો કે કોર્ટે ૩૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ કર્યો છે. વર્ષ ૨૦૨૨ માં જયારે જયંતિલાલ મેવાડા આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર પ્રમુખ હતા ત્યારે તેમની સામે અરવલ્લી જિલ્લાની મોડાસા સેશન્સ કોર્ટમાં ફરીયાદ દાખલ થઈ હતી. આ ફરીયાદ કલોલના વિરલગીરી ગોસ્વામીએ નોંધાવી હતી. જેમાં મેવાડા અને તેમના પરીવારના ૬




સભ્યો પર ૩૦૦ કરોડ રૂપીયાની અપ્રમાણસર સંપત્તિ ભેગી કરવાનો આરોપ લગાવાયો હતો. ફરીયાદમાં દાવો કરવામાં આવ્યો હતો કે મેવાડાએ, જેઓ નિવૃત્ત નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) તરીકે ફરજ બજાવતા હતા. અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ભ્રષ્ટાચાર દ્વારા આ મિલ્કતો ગેરકાયદેસર રીતે ખરીદી હતી. આ ઉપરાંત ફરીયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મેવાડાએ ૨૦૧૪ અને ૨૦૧૭ ની ચુંટણીઓમાં ખોટી એફીડેવીટો રજુ કરી હતી જેમાં તેમની સંપત્તિની વિગતો છુપાવવામાં આવી હતી. ખાસ કરીને અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ૨૪ મિલ્કતો ખરીદવાનો આરોપ પણ ફરીયાદનો ભાગ હતો. મોડાસા કોર્ટે આ કેસમાં ઝડપી પગલા લેતા મેવાડાની ૩૦૦ કરોડ રૂપીયાની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આદેશમાં જણાવ્યુ છે કે મેવાડા આ મિલ્કતો વેચી નાખે અથવા તેના પુરાવા નાશ કરે તે અગાઉ જ તેને તેની મિલ્કત જપ્ત કરવી જરૂરી છે. આ માટે કોર્ટે મેવાડાને નોટીસ મોકલવાનો આદેશ આપ્યો છે. જેમાં તેમને સંપત્તિ જપ્ત ન કરવાના કારણો ૩૦ દિવસની અંદર રજુ કરવા જણાવાયુ છે. આ નિર્ણય દર્શાવે છે કે કોર્ટે આ મામલે કડક વલણ અપનાવ્યુ છે અને ભ્રષ્ટાચારના આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલીક કાર્યવાહી કરવા માંગે છે. જયંતિલાલ મેવાડા જે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મોહનપુર ગામના વતની છે તેમણે પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત આમ આદમી પાર્ટી સાથે કરી હતી. ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચુંટણીમાં તેમણે અમદાવાદની અસારવા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચુંટણી લડી હતી. જો કે તેઓ ભાજપના ઉમેદવાર દર્શના વાઘેલા સામે હારી ગયા હતા. ચુંટણી પરીણામો અનુસાર દર્શના વાઘેલાએ ૮૦૧૫૫ મતો (૬૪.૧૩ ટકા ) મત મેળવ્યા હતા. જયારે મેવાડાને માત્ર ૧૫૪૬૫ મતો (૧૨.૩૭ ટકા ) મળ્યા હતા અને તેઓ ત્રીજા સ્થાને રહ્યા હતા. બીજા સ્થાને કોંગ્રેસના ઉમેદવાર વિપુલ પરમાર હતા જેમણે ૨૫૯૮૨ મતો (૨૦.૭૯ ટકા) મેળવ્યા હતા. ચુંટણીમાં હાર બાદ મેવાડા ભ્રષ્ટાચારના આરોપોના ભરડામાં આવ્યા અને બચવા માટે આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા. આ નિર્ણયને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બનાવ્યો હતો કારણ કે ઘણા નેતાઓ ભ્રષ્ટાચારના આરોપો બાદ ભાજપમાં જોડાઈને કાયદાકીય કાર્યવાહીમાં રાહત મેળવતા હોવાની ચર્ચાઓ થતી રહી છે. જો કે મેવાડાના કેસમાં આવુ થયુ નથી અને કોર્ટે તેમની સામે કડક કાર્યવાહી કરી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા - મઉ સ્પેશ્યલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વડોદરા મંડળથી ઉપડતી વડોદરા – મઉ સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનના ફેરાને વિશેષ ભાડા સાથે સમાન સંરચના, સમય, સ્ટોપેજ તથા માર્ગ પર વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે

- ટ્રેન નંબર ૦૯૧૯૫/૦૯૧૯૬ વડોદરા - મઉ સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૧૯૫ વડોદરા - મઉ સ્પેશિયલ, જેને અગાઉ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૯૬ મઉ - વડોદરા સ્પેશિયલ જેને અગાઉ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન સંખ્યા ૦૯૧૯૫ ના વિસ્તૃત ફેરાઓની બુકિંગ ૨૮ ઓગસ્ટ,૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે.

ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# મનપાની બેદરકારીનો વધુ એક કિસ્સોઃ ફાયર બ્રિગેડની ઈમર્જન્સી ગાડી ખરાબ રોડ-રસ્તાને કારણે ખાડામાં ખૂંચી ગઈ

જો સમયસર ઈમરજન્સી ગાડી ઘટનાસ્થળે ન પહોંચી શકે તો કેવા ગંભીર પરિણામો આવી શકે છે તે આ ઘટના દર્શાવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેર, જે સ્વચ્છતા અને વિકાસ માટે જાણીતું છે, ત્યાં જ ચોમાસામાં રસ્તાઓની હાલત કેટલી કથળી ગઈ છે તેનો એક કિસ્સો સામે આવ્યો છે. શહેરના ડિંડોલી વિસ્તારમાં એક કટોકટીની પરિસ્થિતિમાં ઘટનાસ્થળે પહોંચવા જતી ફાયર બ્રિગેડની ઈમર્જન્સી ગાડી ખરાબ રોડ-રસ્તાને કારણે ખાડામાં ખૂંચી ગઈ હતી. આ ઘટનાથી મનપાની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો સમયસર ઈમરજન્સી ગાડી ઘટનાસ્થળે ન પહોંચી શકે તો કેવા ગંભીર પરિણામો આવી શકે છે તે આ ઘટના દર્શાવે છે.

એક તરફ, સુરત મનપા કરોડો રૂપિયાના ખર્ચે વિકાસના દાવા કરે છે, જ્યારે બીજી તરફ શહેરના મુખ્ય વિસ્તારોના રસ્તાઓ જર્જરિત અને ખાડાઓથી ભરેલા છે.

આ ઘટના મનપાની આ બેદરકારીને ખુલ્લી પાડે છે. ઈમરજન્સી સેવાઓ માટેના વાહનો પણ જો રસ્તાઓની ખરાબ હાલતને કારણે ફસાઈ જાય, તો સામાન્ય નાગરિકોની શું હાલત થતી હશે તેનો વિચાર માત્ર જ ભય પમાડે છે. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે માત્ર બજેટ ફાળવવાથી નહીં, પરંતુ તેનો યોગ્ય અને સમયસર અમલ કરવાથી જ શહેરની મૂળભૂત સુવિધાઓ સુધરી શકે છે. આ એક માત્ર કિસ્સો નથી. સુરત શહેરમાં ચોમાસા દરમિયાન અનેક રસ્તાઓ ખરાબ હાલતમાં જોવા મળે છે. ઠેર ઠેર પડેલા ખાડાઓ વાહનચાલકો માટે જોખમ ઊભું કરે છે અને અકસ્માતોનું કારણ બને છે. જો મનપા દ્વારા ચોમાસા પહેલાં જ રસ્તાઓની મરામત અને યોગ્ય દેખરેખ રાખવામાં આવી હોત તો આવી પરિસ્થિતિનું નિર્માણ થાત જ નહીં. આ ઘટના મનપા માટે એક લાલબત્તી સમાન છે કે તેમણે માત્ર વિકાસના દાવા કરવાને બદલે પાયાની સુવિધાઓ પર ધ્યાન આપવું અત્યંત જરૂરી છે.

# યુનિ.ના ગુંબજનું લોકાપર્ણ થાય તે પહેલા તેના પર કરેલો કલર ઉતરવા માંડયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

એમ.એસ.યુનિવર્સિટીમાં લગભગ ૩.૫૦ કરોડ રુપિયાના ખર્ચે આર્ટસ ફેકલ્ટીની ઐતિહાસિક ઈમારતનું અને ગુંબજનું રિનોવેશન પુરુ નથી થયું ત્યાં તો વરસાદમાં ગુંબજ પરનો કલર ધોવાઈ રહ્યો હોવાનું દેખાઈ રહ્યું છે.જેના કારણે રિનોવેશનની કામગીરી પર પણ સવાલો ઉઠી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પાંચ વર્ષના સમય ગાળામાં બે કોન્ટ્રાકટર બદલાઈ ગયા બાદ સવાણી હેરિટેજ નામની કંપનીને રિનોવેશન સોંપવામાં આવ્યું હતું.આ રિનોવેશન હવે અંતિમ તબક્કામાં છે.આર્ટસ ફેકલ્ટીના વિશાળકાય અને એશિયાના બીજા નંબરના ગુંબજની આસપાસ બીજા ૬ ગુંબજ છે અને આ પૈકી એકનું રિનોવેશન અને કલરકામ બાકી છે.જ્યારે મુખ્ય ગુંબજ સહિતના બાકીના ૬ ગુંબજનું રિનોવેશન અને તેને રંગ કરવાનું કામ તાજેતરમાં પૂરુ થયું છે.જોકે આશ્ચર્યની વાત એ છે કે, પહેલા જ ચોમાસામાં આ પૈકીના એક ગુંબજ પરથી કલર ઉખડેલો જોઈ શકાય છે અને હવે તેને ફરીથી કલર કરવાની જરુર પડશે.જોકે સવાલ એ છે કે, એક ચોમસામાં કલર ઉખડી જતો હોય તો આગળના વર્ષોમાં શું થશે. દરમિયાન વરસાદના કારણે ગુંબજ અને ઐતહાસિક ઈમારતનું સમારકામ લંબાઈ ગયું છે.સૂત્રોનું કહેવું છે કે, પહેલા ઓગસ્ટમાં તમામ કામગીરી પૂરી થવાની હતી પરંતુ હવે બીજો એકાદ મહિનો લાગશે.ગુંબજની સાથે સાથે હવે ગુંબજની અંદરની તરફ અને તેની નીચેના પ્રેમાનંદ હોલમાં પણ રિનોવેશન કરવાનો નિર્ણય લેવાયો છે.આ માટે વધુ ૫૦ લાખ રુપિયાની રકમ ફાળવવામાં આવી છે. યુનિવર્સિટીના ચીફ એન્જિનિયરે કહ્યું હતું કે, એક ગૂંબજ પર વોટર પ્રૂફિંગ માટેનું કેમિકલ લગાવવનું બાકી છે એટલે તેના પરથી કોઈ જગ્યાએ કલર ઉખડી ગયો છે.વોટર પ્રૂફિંગ માટે મંજૂરી મળે તે પહેલા જ વરસાદ આવી ગયો હતો.હવે ફરી એક વખત જ્યાં જ્યાં કલર ઉખડી ગયો છે ત્યાં કલર કરીને તેના પર વોટરપ્રૂફિંગ કેમિકલ લગાવાશે.એ પછી તેના પર વરસાદની અસર નહીં થાય.લાંબા ગાળે પ્રદૂષણની અસર થવાની શક્યતા ચોક્કસ છે પણ તેને ઓછી કરવા માટે દર ચાર પાંચ વર્ષે ગુંબજનું સમારકામ જરુરી બનશે.

### એશિયા ઈંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓએ કલાંજલિ ઈન્ટર-સ્કૂલ ડાન્સ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

## અમદાવાદમાં આયોજિત કલાંજલિ આંતર-શાળા નૃત્ય સ્પર્ધામાં ASIA ઈંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રથમ ઈનામ (કેટેગરીઃ ટ્રાઈબલ) મેળવ્યું

એશિયા ઈંગ્લિશ સ્કૂલના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ કલાંજલિ ઈન્ટર-સ્કૂલ ડાન્સ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. વિવિધ શ્રેણીઓ સાથે યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ટ્રાઈબલ થીમ કેટેગરીમાં પોતાના મનોહર નૃત્ય દ્વારા જીત મેળવી હતી.

વિદ્યાર્થીઓએ ભારતની આદિવાસી સંસ્કૃતિની સમૃદ્ધિ, તેમની ઉર્જાસભર અદા, અભિવ્યક્તિ અને સુમેળસભર કોરિયોગ્રાફી દ્વારા રજૂ કરી, જેને જજ અને દર્શકો તરફથી ખૂબ પ્રશંસા મળી. તેમનું પ્રદર્શન સાંસ્કૃતિક વૈવિધ્યતાને ઉજાગર કરતું, તેમજ શાળાના કળાત્મક વિકાસ પ્રત્યેના અભિગમને પ્રતિબિંબિત કરતું હતું.

આ અવસર પર શાળાના ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપન મંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, “અમને અમારા વિદ્યાર્થીઓ પર ગર્વ છે. તેમનું પ્રદર્શન શ્રેષ્ઠ હતું. આવી સિદ્ધિઓ અમને શિક્ષણ સાથે સહ-પાઠ્ય પ્રવૃત્તિઓમાં પણ ઉત્તમતા લાવવા પ્રેરણા આપે છે.”

એશિયા ઈંગ્લિશ સ્કૂલ વિષેઃ

એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના આશ્રય હેઠળ ૧૯૬૫માં સ્થાપિત, એશિયા ઈંગ્લિશ સ્કૂલ અમદાવાદની અગ્રણી શાળાઓમાંની એક છે, જે પ્રી-પ્રાઈમરીથી લઈને હાયર સેકન્ડરી સુધી ગુણવત્તાસભર શિક્ષણ પૂરૂં પાડે છે. શાળા મજબૂત શૈક્ષણિક પાયો, આધુનિક સુવિધાઓ અને વ્યક્તિત્વ વિકાસ પર ખાસ ધ્યાન આપવા માટે જાણીતી છે. અભ્યાસ સાથે રમતગમત, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સમાન મહત્ત્વ આપીને એશિયા ઈંગ્લિશ સ્કૂલ સતત આત્મવિશ્વાસી, સર્જનાત્મક અને જવાબદાર વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનું સર્જન કરી રહી છે. કલાંજલિ ઈન્ટર-સ્કૂલ ડાન્સ સ્પર્ધામાં શહેરની અનેક પ્રતિષ્ઠિત શાળાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો, જેમાં એશિયા ઈંગ્લિશ સ્કૂલની જીત વધુ નોંધપાત્ર બની છે.




આ સિદ્ધિ શાળાના વિદ્યાર્થીઓની પ્રતિભા, શિક્ષકોના માર્ગદર્શન અને સંસ્થાના સર્વાંગી વિકાસ પ્રત્યેના સંકલ્પનું પ્રતિબિંબ છે.

### ચાલુ મહિનાના અંત સુધીમાં પ્રદેશ પ્રમુખની નિમણુંક થાય તેવી પુરેપુરી શકયતાઓ

## ગુજરાત સરકાર : સંગઠનમાં ફેરફારનુ કાઉન્ટ ડાઉન શરૂ : સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડીયાએ મંત્રીમંડળનુ વિસ્તરણ થાય તેવી શકયતાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રવાસ બાદ અચાનક જ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે અને ગુજરાત સરકાર અને સંગઠનમાં ફેરફારોનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ હોવાનુ ચર્ચાએ જોર પકડયુ છે. આજે બુધવારે સત્વસરી ની રજા હોવાથી ગઈ કાલે મંગળવારે સાંજે કેબિનેટની બેઠક સાંજે યોજાઈ હતી.



આગામી સપ્ટેમ્બર મહિનામાં પ્રથમ અઠવાડીએ મંત્રી મંડળ વિસ્તરણની શકયતા વર્તાય તેવુ ટોચના નેતાઓ કહી રહ્યા છે. આ ઉપરાંત ગણેશ મહોત્સવ દરમિયાન જ નવા પ્રદેશ પ્રમુખનુ નામ પણ જાહેર કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે. સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે મંત્રી મંડળમાં જડમુળમાંથી ફેરફાર થાય તેવી પુરેપુરી શકયતાઓ વર્તાઈ રહી છે. તો બીજી તરફ સહકાર મંત્રી જગદીશ પંચાલને મહત્વની જગ્યા પર સ્થાન મળી શકે છે તેવુ પણ સુત્રો કહી રહ્યા છે. ગઈ કાલે ભાજપના ધારાસભ્યોની બેઠકમાં સીઆર પાટીલે આપણે નજીકના ભવિષ્યમાં હજુ બે વખત મળીશુ તેવા કરેલા વિધાનો અને આજે મંગળવારે સવારે વડાપ્રધાને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલ સાથે રાજભવનમાં યોજેલી લાંબી બેઠક બાદ ગાંધીનગરમાં મોટી રાજકીય ચહલ પહલ જોવા મળી રહી છે. સુત્રોનુ કહેવુ છે કે વડાપ્રધાન મોદીએ મંત્રી મંડળ વિસ્તરણને લઈ લીલીઝંડી આપી દીધી છે અને અમુક ધારાસભ્યોને દિલ્હી બોલાવીને સુચના આપવાનુ શરૂ કરાયુ છે. સરકારના ટોચના સુત્રોનુ કહેવુ છે કે ઉંમર લાયક, નાદુરસ્ત તેમજ નબળી કામગીરી હોય તેવા ૮ થી ૧૦ મંત્રીઓને પડતા મુકવામાં આવે તેવી શકયતાઓ વર્તાઈ રહી છે. તો બીજી તરફ ૧૦ થી વધુ નવા ચહેરા માં ધારાસભ્યોને મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવી શકે છે.

ગુજરાતમાં આગામી જાન્યુઆરી -ફેબ્રુઆરીમાં પાલિકા અને મહાનગરપાલિકાઓની ચુંટણીઓ યોજાનાર છે તે અગાઉ અત્યાર થી જ સરકારમાં અને સંગઠનમાં ફેરફારો કરવા જરૂરી હોવાનુ માનવામાં આવી રહ્યુ છે. કારણ કે સરકાર સામે લોકોમાં વિવિધ કારણોસર અને ખુદ ભાજપના ધારાસભ્યો પણ નારાજગી વર્તાવી રહ્યા છે. જયારે પ્રદેશ પ્રમુખની નિમણુંક બે વર્ષથી ઘોંચમાં પડતા કાર્યકરોમાં પણ નારાજગી વર્તાઈ ગઈ છે. તો બીજી તરફ ગૃહમંત્રીના કાર્યાલયે પણ મંત્રીઓ અને ધારાસભ્યોની ભલામણો વરસોથી ધુળ ખાઈ રહી છે તેને લઈને પણ કેટલાક મંત્રીઓ અને ધારાસભ્યોમાં નારાજગી વર્તાઈ છે. ગુજરાત ભાજપના અધ્યક્ષ સીઆર પાટીલની મુદત પુરી થવા છતાં લાંબા સમયથી તેમને યથાવત રાખવામાં આવ્યા છે પરંતુ હવે નવા પ્રદેશ પ્રમુખના નામની ગમે ત્યારે જાહેરાત થઈ શકે છે. કદાચ આવતી કાલે ગણેશ ચતુર્થીના દિવસે અથવા તો બીજે દિવસે નવા પ્રમુખનુ નામ જાહેર થવાની શકયતા દર્શાવાઈ રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને કેન્દ્રમાં મંત્રી પદ મળ્યા બાદ તેમણે અવાર નવાર પ્રમુખ પદની જવાબદારીમાંથી મુકત કરવાની માંગણી પણ કરી ચુકયા છે. તાલુકા / જિલ્લા સંગઠનના પ્રમુખોની નિમણુંકો પણ થઈ ગઈ છે. છતાં હજુ સુધી પ્રદેશ પ્રમુખની નિમણુંક થઈ શકી નથી તેથી સંગઠનમાં પણ અમંજસ ની સ્થિતિ પ્રવર્તે છે.

## નરેન્દ્ર મોદીના જન્મદિનને લઈ ગુજરાત ભાજપ દ્વારા તડામાર તૈયારીઓઃ દરેક જિલ્લામાંથી ૭૫૦ બ્લડ યુનિટ એકત્રીત કરવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મ દિવસની ઉજવણી અંતર્ગત ભાજપ દ્વારા રાજયભરમાં આગામી ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓકટોબર સુધી સેવા પખવાડીયાની ઉજવણી કરવામાં આવશે. દરેક જિલ્લામાંથી ૭૫૦ બ્લડ યુનિટ એકત્ર કરવામાં આવશે. દિવ્યાંગો માટે સાધન સહાય કેમ્પનુ આયોજન કરવામાં આવશે. નરેન્દ્ર મોદીના જીવન પર આધારીત એક ગુજરાતી નાટક તૈયાર કરવામાં આવ્યુ છે જે નાટક સમગ્ર ગુજરાતભરના ગામડાઓ અને શહેરોમાં બતાવવામાં આવશે. સેવા પખવાડીયા અંતર્ગત પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશકિત મંત્રી સીઆર પાટીલની અધ્યક્ષતામાં કાર્યશાળા બેઠક યોજાઈ હતી. આ અંગે સીઆર પાટીલે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસથી મહાત્મા ગાંધીજી, લાલબહાદુર શાસ્ત્રીજી ના જન્મ દિવસ એટલે કે ૧૭ મી સપ્ટેમ્બર થી ૨ ઓકટોબર દરમિયાન સેવા પખવાડીયા થકી વિવિધ સેવાકીય કાર્યો કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ દર વરસે






**નરેન્દ્ર મોદીના જીવન પર આધારીત નાટક જનતાને બતાવાશે : ભાજપ દ્વારા ૧૭ સપ્ટે. થી ૨ ઓકટો. સુધી સેવા પખવાડીયાની કરાશે ઉજવણી**

કરવામાં આવે છે. જેમાં વિવિધ સેવાકીય કાર્ય કરવામાં આવે છે. સેવા પખવાડીયા દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવશે. જેમાં દરેક જિલ્લામાં ૭૫૦ બ્લડ યુનિટ એકત્ર કરવામાં આવશે. વડાપ્રધાનના ૭૫ માં જન્મ દિવસ નિમિત્તે ૭૫૦ યુનિટ દરેક જિલ્લામાંથી એકત્ર કરવામાં આવશે. વડાપ્રધાને મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અભિયાનને આગળ ધપાવ્યુ છે તેને લઈ કાર્યક્રમ પહેલા અને પછી સ્વચ્છતા કાર્યક્રમ યોજાશે, દિવ્યાંગ ભાઈ બહેનોનુ જીવન સરળ થાય તે માટે જે પણ સાધનોની સહાય કરવાનો કેમ્પ દરેક વિસ્તારના ધારાસભ્ય અને સાંસદ તેમજ કાર્યકર્તાઓ કરશે. જેમાં એનજીઓની સહાય અને સરકારની સહાય થકી દિવ્યાંગોને મદદ મળે તેવો કાર્યક્રમ યોજાશે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે વડાપ્રધાનના એક પેડ મા કે નામ અભિયાનને ખુબ મોટી સફળતા મળી છે જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ વૃક્ષો વાવ્યા છે અને સેવા પખવાડીયા અંતર્ગત જિલ્લા, મહાનગર અને તાલુકાઓમાં એક પેડ મા કે નામ કાર્યક્રમ યોજાશે. પ્રબધ્ધ નાગરીક સંમેલન યોજવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન પર આધારીત એક પુસ્તક તૈયાર કરવામાં આવ્યુ છે તેનુ વિતરણ પણ કરવામાં આવશે. પુસ્તક વેચાણ પાછળ કોઈ ઈન્કમ કરવાની ભાવના નથી પરંતુ તે પુસ્તકથી લોકોને પ્રેરણા મળે તે હેતુ છે. ગણપતિ મહોત્સવમાં ઓપરેશન સિંદુર ની થીમ પર ગણપતિ મંડપોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઓપરેશન સિંદુર થકી દેશ અને દુનિયાએ જોયુ કે આપણા દેશમાં તૈયાર થયેલા શસ્ત્રોથી પાકિસ્તાનમાં રહેલા આતંકવાદનો સફાયો કેવી રીતે કર્યો છે. ખેલ મહોત્સવમાં ધારાસભ્ય અને સાંસદ તેમના મતવિસ્તારમાં આયોજન કરે અને નવા ખેલાડીઓને પ્રોત્સાહન મળે, જરૂરીયાતમંદ ખેલાડીઓને રમત ગમતના સાધનોની સહાય કરવામાં આવશે, ખેલ મહોત્સવના કારણે ગુજરાતમાં રમત ગમત ક્ષેત્રે આગળ વધી રહ્યુ છે. સેવા પખવાડીયા અંદર દરેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

## એસટી નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો કરાયો વધારોઃ મોંઘવારી ભથ્થાનુ એરીયર્સ પણ મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓ માટે દિવાળી અગાઉ સરકારે મોંઘવારી ભથ્થાની જાહેરાત કરતા કર્મચારીઓમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. મુખ્યમંત્રી દ્વારા એસટી નિગમના કર્મચારીઓને હાલમાં મળતા મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વધારા બાદ હવે કર્મચારીઓને ૫૩ ટકાના બદલે ૫૫ ટકા મુજબ મોઘવારી ભથ્થુ ચુકવવામાં આવશે. આ નિર્ણય થી લાંબા સમયથી મોંઘવારી ભથ્થામાં વધારાની રાહ જોઈ રહેલા હજારો કર્મચારીઓમાં ખુશીનો



માહોલ છવાયો છે અને તેઓએ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. મોંઘવારી ભથ્થામાં વધારાની સાથે સાથે સરકારે કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના એરીયર્સ ની પણ ચુકવણી કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી કર્મચારીઓને આર્થિક રીતે મોટો ફાયદો થશે. સરકારના આ હકારાત્મક નિર્ણય થકી કુલ રૂપીયા ૩૦ કરોડથી વધુનો લાભ એસટી નિગમના કર્મચારીઓને મળશે. આ રકમ તેમણે આર્થિક રીતે મદદરૂપ થશે અને જીવન ધોરણ સુધારવામાં પણ સહાયક બનશે. ભલે આ નિર્ણય લેવાઈ ગયો હોય, પરંતુ ટુંક સમયમાં જ આ માટેની વિગતવાર માહિતી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. આ માહિતીમાં મોંઘવારી ભથ્થાના વધારાની તારીખ અને એરીયર્સની ચુકવણીની પધ્ધતિ જેવી બાબતોનો સમાવેશ થશે, કર્મચારીઓ આ વિગતવાર માહિતીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આ નિર્ણય મુખ્યમંત્રીની કર્મચારી લક્ષી નીતિ દર્શાવે છે અને રાજયના કર્મચારીઓના કલ્યાણ પ્રત્યેની સરકારની પ્રતિબધ્ધતાને ઉજાગર કરે છે.

## જમાલપુર કબાડી માર્કેટની ૪૮૦૦ ચો. વાર જમીન ખાલી કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની કરોડોની કિંમતની જમીન પર વર્ષોથી ગેરકાયદેસર દબાણ સામે આવ્યું છે. શહેરના જમાલપુર કબાડી માર્કેટ પાસે આવેલી ૪૮૦૦ ચોરસ વાર જમીન પર ગેરકાયદેસર રીતે ૫૨ જેટલા મકાનો બનાવી દેવામાં આવ્યા છે. આ દબાણની જાણ થતાં જ AMC ના એસ્ટેટ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. મનપા દ્વારા આ ગેરકાયદેસર દબાણકર્તાઓને જગ્યા ખાલી કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે, પરંતુ વૈકલ્પિક જગ્યાની ઓફર કરવા છતાં તેમણે જગ્યા ખાલી કરી નથી. આ જમીન વર્ષ ૧૯૯૦ માં કુરેશી પાર્ક સોસાયટીને ફાળવવામાં આવી હતી. જોકે, સોસાયટી દ્વારા ફાળવેલી જગ્યાની રકમ AMC ને ચૂકવવામાં આવી ન હતી. આ ઉપરાંત, આ જમીનના ફાઈનલ પ્લોટ પર ગેરકાયદેસર ઝૂંપડાઓ પણ બનાવી દેવામાં આવ્યા હતા, જેના કારણે મનપાની જગ્યા પર દબાણ વધ્યું હતું. આ ગંભીર બાબત સામે આવતાં હવે AMC દ્વારા કાયદેસરની કાર્યવાહી કરીને આ ફાળવેલી જગ્યા પરત લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણય દબાણકર્તાઓને સખત સંદેશ આપે છે કે સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો ચલાવી લેવામાં આવશે નહીં. AMC ના એસ્ટેટ વિભાગ દ્વારા હવે આ દબાણ હટાવવા માટે આક્રમક પગલાં લેવામાં આવશે. પોલીસ બંદોબસ્ત સાથે આ ગેરકાયદેસર મકાનો અને ઝૂંપડાઓ હટાવીને સરકારી જમીન પરત મેળવવામાં આવશે. આ ઘટના ભવિષ્યમાં થતા દબાણો માટે પણ એક ઉદાહરણ પૂરું પાડશે. મનપાનો આ નિર્ણય દર્શાવે છે કે શહેરમાં કાયદાનું શાસન જળવાઈ રહે અને સરકારી સંપત્તિની સુરક્ષા થાય તે માટે તંત્ર કટિબદ્ધ છે.

## વડાપ્રધાને સુઝુકીના પ્રથમ વૈશ્વિક ઈલેકટ્રીક વાહન ઈ-વિટારાનુ ઉદ્‌ઘાટન કર્યુઃ જે ૧૦૦ થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન મોદીએ આજે મંગળવારે ગુજરાતના હાંસલપુરમાં સુઝુકી મોટર પ્લાન્ટથી કંપનીના પ્રથમ વૈશ્વિક બેટરી ઈલેકટ્રીક વાહન (બીઈબી) ઈ-વિટારાને લીલીઝંડી આપી હતી. ભારતમાં ઉત્પાદીત આ ઈલેકટ્રીક કાર યુરોપ અને જાપાન જેવા અદ્યતન બજારો સહિત ૧૦૦ થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે.




આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ હાંસલપુરમાં સુઝુકીના ઈ-વી ઉત્પાદન સુવિધાની મુલાકાત લીધી હતી અને અમદાવાદ જિલ્લાના હાંસલપુરમાં ટીડીએસ લીથીયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઈબ્રીડ બેટરી ઈલેકટ્રોડ ના સ્થાનિક ઉત્પાદનનુ ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્લાન્ટ તોશીબા, ડેન્સો અને સુઝુકી નુ સંયુકત સહાસ છે. આ દ્વારા બેટરી મુલ્યના ૮૦ ટકાથી વધુનુ ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવશે જે આત્મનિર્ભર ભારત અભિયાનને મજબુતી આપશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સુઝુકી મોટર કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટર અને ચીફ એકિઝકયુટીવ ઓફીસર(એમડી અને સીઈઓ) હિસાશી તાકેઉચી સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

## મોદીને અમદાવાદમાં કોંગ્રેસનો ભય : મોદી ના આગમન ટાણે સેંકડો લોકોને પકડીને પોલીસ મથક લઈ જવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન મોદી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવ્યા હતા જેઓ ગઈ કાલે નિકોલમાં સભા ગજવવાના હતા સાથો સાથ નરોડા હરીદર્શન ચાર રસ્તાથી નિકોલ ખોડલધામ ગ્રાઉન્ડ સુધી રોડ શો કરવાના હતા ત્યારે વડાપ્રધાનની સભા અગાઉ કોંગ્રેસ નેતાઓના વિરૂધ્ધના ભણકારા વચ્ચે કેટલાક નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. ગુજરાત કોંગ્રેસ પક્ષના નેતાઓ અને આગેવાનોએ નરોડા અને નિકોલ વિસ્તાર સહિત વિવિધ વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અટકાયત કરવામાં આવી હતી જે મુદ્દે કોંગ્રેસે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સત્ય છુપાવવા માટે પોલીસને આગળ



કરવામાં આવે છે. કોંગ્રેસ નેતા મનિષ દોશીએ કહ્યુ હતુ કે પ્રધાનમંત્રી ગુજરાતમાં આવે છે ત્યારે આવકાર છે, પરંતુ તેઓ આવે છે ત્યારે મનની વાત બહુ કરે છે પરંતુ કયારેક જનતાના દિલની વાત સાંભળે તેવી અપેક્ષા ગુજરાતની જનતા રાખે છે, ગુજરાતમાં જે રીતે વડાપ્રધાનના આગમન અગાઉ પ્રજાને તકલીફ છે, પ્રજા માં મુશ્કેલી છે તેમજ ભ્રષ્ટાચાર ગળાડુબ હોય, મંત્રી કે અધિકારીઓ કોઈની વાત સાંભળતા ન હોય ત્યારે લોકશાહીને વાચા આપી કોંગ્રેસ પક્ષ વડાપ્રધાનને મળવા માગતો હોય ત્યારે દુઃખ સાથે કહેવુ પડી રહ્યુ છે કે ડરી ગયેલી સરકાર, સત્ય છુપાવવા માટે પોલીસને આગળ કરવામાં આવી રહી છે. પોલીસે અટકાયત કરી હતી જે સંપૂર્ણ ગેરબંધારણીય છે, કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશીએ કહ્યુ હતુ કે અમારા શહેર અધ્યક્ષ સોનલબેન પટેલને તેમના ઘરેથી અટકાયત કરવામાં આવી હતી. અમારા પ્રદેશ પ્રવકતા હેમાંગ રાવલ સહિતના શહેરના આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી જેમાં બાપુનગરના પ્રવકતા નાગજી દેસાઈ, વિપુલ પંડયા, વેજલપુરથી અમિત નાયક સહિતના આગેવાનોની પોલીસે અટકાયત કરી હતી. જે સંપૂર્ણ ગેરબંધારણીય છે.

## અમદાવાદ સેવન્થ ડે સ્કુલમાં વિદ્યાર્થીના મોત બાદ ડીઈઓ કચેરી થી છુટયા આદેશો

પ્રતિનિધિ,ગાંધીનગર

સેવન્થ ડે સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ એડમીશન લેવા આવે તો યોગ્ય પ્રતિક્રીયા આપવા અને બાળકનુ લીવીંગ સર્ટીફીકેટ ન હોય તો પણ કામચલાઉ પ્રવેશ આપવા સુચના અપાઈ છે. ડીઈઓ કચેરીથી ૪ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. આ વિશે અમદાવાદ શહેરના ડીઈઓ રોહિત ચૌધરીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ચારેય અધિકારીઓ શાળાના સમયે સેવન્થ ડે સ્કુલમાં હાજર રહેશે. શાળાના અન્ય વાલીઓને થતી મુંઝવણને લઈ અધિકારીઓ સાથે પુછપરછ કરી શકશે. પોતાના બાળકને અન્ય શાળામાં પ્રવેશ લેવડાવવા માંગતા વાલીઓ પણ અધિકારીઓનો સંપર્ક કરી શકશે, સેવન્થ ડે સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ એડમીશન લેવા આવે તો યોગ્ય પ્રતિક્રિયા આપવા અને બાળકનુ લીવીંગ સર્ટીફીકેટ ન હોય તો પણ કામચલાઉ પ્રવેશ આપવા સુચના




અપાઈ છે. સેવન્થ ડે સ્કુલના વાલીઓ પ્રવેશને લઈ ઈન્કવાયરી કરવા આવે તો શાળા તરફથી યોગ્ય પ્રતિક્રિયા આપવા સુચના અપાઈ છે. બાળકનુ લીવીંગ સર્ટીફીકેટ ન હોય તો પણ ટેમ્પરરી પ્રવેશ આપવા અન્ય શાળાઓને સુચના અપાઈ છે.

આજે મંગળવારથી સેવન્થ ડે સ્કુલના ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓના ઓનલાઈન કલાસ પણ શરૂ કરી શકશે, તો બીજી તરફ એક વાયરલ મેસેજે હોબાળો મચાવ્યો છે. અમદાવાદ ની સેવન્થ ડે સ્કુલમાં પ્રિન્સિપાલના દિકરા દ્વારા લખાયેલો મેસેજના સ્કીન શોર્ટસ વાયરલ થયો છે.

પ્રિન્સિપાલ ઈમેન્યુઅલ ના દિકરા ઈશાંત ગુનાડાલાએ ખ્રિસ્તી માઈનોરીટી ઈન્સ્ટિટયુટ વિરૂધ્ધ કાવતરૂ હોવાનો આરોપ લગાવ્યો છે. તેમણે લખ્યુ છે કે વાલીઓ અને કેટલાક લોકોએ ઉગ્ર વિરોધ કર્યો, મારા મારી અને તોડફોડ કરી, ક્રાઈમ બ્રાન્ચે સ્કુલ પ્રિન્સિપાલ વિરૂધ્ધ બેદરકારીનો ગુન્હો નોંધ્યો, મંગળવારે સ્કુલ સમય પુરો થયા બાદ કેમ્પસ બહાર બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો. ઘાયલ વિદ્યાર્થી સ્કુલ ગેટ પાસે બેભાન થયો, સ્ટાફે ૬ મીનીટમાં હોસ્પીટલ પહોંચાડયો અને બ્લડ ડોનેટ કર્યુ હતુ, છતાં ઉંડા ઘા ના કારણે વિદ્યાર્થી બચી ન શકયો, સ્કુલે તમામ પ્રયત્નો કર્યા હતા. તેણે વધુમાં લખ્યુ છે કે સોશીયલ મીડીયામાં ભ્રામક માહિતી ફેલાવીને સ્કુલને બદનામ કરવાનો પ્રયાસ કરાયો છે.

૪૦૦ થી ૫૦૦ લોકોના ટોળાએ હિંસક હુમલો કર્યો, તોડફોડ કરી, પ્રિન્સિપાલ પર હુમલો અને ધરપકડના પ્રયત્નો કર્યા, આ ખ્રિસ્તી માઈનોરીટી ઈન્સ્ટિટયુટ વિરૂધ્ધ કાવતરૂ છે, સ્કુલ બંધ કરાવવાનો એજન્ડા છે, ઈશાંત ની માંગ ગ્લોબલ (સેવન્થ ડે એડવેન્ટિસ્ટ) તાત્કાલીક હસ્તક્ષેપ કરે, ભારત સરકાર અને વિદેશ મંત્રાલય પ્રિન્સિપાલ, સ્ટાફ અને સ્કુલને સુરક્ષા આપે, વર્લ્ડ એસડીએ ફેમીલીને સાથ આપવા અપીલ ડીપ્લોમેટીક સ્તરે અવાજ ઉઠાવો તેમજ પરીવાર અને સ્કુલનુ ભવિષ્ય ખતરામાં છે તેથી તાત્કાલીક પગલા લેવા વિનંતી કરી છે.